પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૧૧-૨૦૨૫-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# યુપી એટીએસે કાનપુરથી ડો. આરીફની ધરપકડ કરી

## ડો. પરવેઝની કડક પૂછપરછ બાદ એટીએસના કાનપુરમાં દરોડા : વધુ તપાસ એનઆઈએ કરી રહી છે

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હી કાર બ્લાસ્ટ કેસના અન્ય એક શંકાસ્પદ ડો. મોહમ્મદ આરીફની અટકાયત કરવામાં આવી છે. આરીફ કાર્ડિયોલોજીનો અભ્યાસ કરતો હતો. ઉત્તર પ્રદેશ એટીએસે તેને કાનપુરથી ધરપકડ કરી હતી. એવું બહાર આવ્યું છે કે ડો. પરવેઝની કડક પૂછપરછ બાદ એટીએસે કાનપુરમાં દરોડો પાડીને તેની અટકાયત કરી હતી. દરમિયાન, એનઆઈએ અને એટીએસની સંયુક્ત ટીમ ગઈકાલે મોડી રાત્રે ડો. પરવેઝને લઈને દિલ્હી જવા રવાના થઈ હતી. ઉત્તર પ્રદેશ એટીએસે મંગળવારે સાંજે ડો. પરવેઝની અટકાયત કરી હતી. તે શંકાસ્પદ આતંકવાદી ડો. શાહીન સિદ્દીકીના ભાઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન ડો. પરવેઝ પાસેથી ત્રણ કીપેડ ફોન મળી આવ્યા હતા. તપાસ એજન્સીઓએ ડો. પરવેઝ પાસેથી કેટલાક ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ અને તીક્ષ્ણ હથિયારો પણ જપ્ત કર્યા હતા, જેનાથી આતંકવાદી મોડ્યુલમાં તેની ભૂમિકાની શંકા ઉભી થઈ હતી.

ફરીદાબાદમાં આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરતી વખતે ડો. શાહીન સિદ્દીકીની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ એજન્સીઓએ ૧૦ નવેમ્બરના રોજ એક મોટા ઓપરેશન દરમિયાન આશરે ૨,૯૦૦ કિલો વિસ્ફોટકો જપ્ત કર્યા હતા. આ જ આતંકવાદી મોડ્યુલ દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલો છે. સોમવારે સાંજે આશરે ૬:૫૨ વાગ્યે ભારતના સૌથી આદરણીય સ્મારકોમાંના એક લાલ કિલ્લા પાસે આ શક્તિશાળી વિસ્ફોટ થયો હતો.હાલમાં, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) આતંકવાદી હુમલાની તપાસ કરી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે NIAને તપાસ સોંપી હતી.પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે કારમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) ફીટ કરવામાં આવ્યું હતું. તપાસ ટીમો હવે વિસ્ફોટકોના સ્ત્રોતને શોધી રહી છે અને વિસ્ફોટ પહેલાના દિવસોમાં ઉમર ઉન નબીની પ્રવૃત્તિઓને પણ શોધી કાઢવાનો પ્રયાસ કરી રહી છે.દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટમાં આતંકવાદી ઉમર ઉન નબી માર્યો ગયો છે. DNA પરીક્ષણોએ પુષ્ટિ આપી છે કે ઉમર ઉન નબીએ જ લાલ કિલ્લા નજીક બોમ્બ વિસ્ફોટ કર્યો હતો.

## કારમાં હાજર ડો. ઉમરનું ડીએનએ મેચ

દિલ્હી લાલ કિલ્લા બ્લાસ્ટને લઈને બુધવાર મોડી રાતે બ્લાસ્ટનો સૌથી નજીકનો CCTV ફૂટેજ સામે આવ્યો છે. ૧૦ સેકન્ડના વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના સિગ્નલ પર ૨૦થી વધારે ગાડીઓ ઊભી છે. સાંજે લગભગ ૬:૫૧ વાગ્યે સિગ્નલ ગ્રીન થયું, જેવી ગાડીઓ આગળ વધી, ૨૦ કારમાં બ્લાસ્ટ થઈ ગયો. પ્રચંડ ધમાકાથી આગની જ્વાળાઓ ઊઠી. આસપાસની મોટાભાગની ગાડીઓના ચીથરાં ઊડી ગયા. આ બાજુ ડૉ. ઉમર ઉન નબીનો ડ્ઢદ્ગછ તેની માતાના ડ્ઢદ્ગછ સાથે મેચ થઈ ગયો. તપાસ ટીમોને કારમાંથી ઉમરના દાંત, હાડકાં, લોહી લાગેલા કપડાંના ટુકડા અને પગનો ભાગ મળ્યો હતો, જે સ્ટિયરિંગ વ્હીલ અને એક્સિલરેટરની વચ્ચે ફસાયેલો હતો. આનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે બ્લાસ્ટના સમયે કારમાં ડૉ. ઉમર હાજર હતો. નવેમ્બર ૧૦ના રોજ લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનની પાસે થયેલા બ્લાસ્ટમાં ૧૩ લોકો માર્યા ગયા છે. એક ઘાયલ વ્યક્તિનું મૃત્યુ ગુરુવાર સવારે થયું છે.

## બ્લાસ્ટ કેસની તપાસમાં મદદ માટે અમેરિકાની ઓફર : ભારતનો ઈન્કાર

### ભારતીય એજન્સીઓ તપાસ માટે સક્ષમ : અમેરિકી વિદેશ સચિવે પ્રસંશા કરી

નવીદિલ્હી,તા.૧૩

અમેરિકાના વિદેશ સચિવ માર્કો બિયોએ દિલ્હી વિસ્ફોટોને સ્પષ્ટપણે આતંકવાદી હુમલો ગણાવ્યો હતો. તેમણે આતંકવાદી ઘટનાની તપાસમાં ભારતના વ્યાવસાયિક અભિગમની પ્રસંશા કરી હતી.ઉલ્લેખનીય છે કે, એક દિવસ પહેલા ભારતમાં અમેરિકાના દૂતાવાસે દિલ્હી આતંકી હુમલાને "વિસ્ફોટ" ગણાવ્યા હતા અને માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. જોકે, બુધવારે જ્યારે ભારતે વિસ્ફોટોને આતંકવાદી ઘટના જાહેર કરી, ત્યારે અમેરિકાના વિદેશ સચિવે પણ આ સંદર્ભમાં એક નિવેદન બહાર પાડ્યું.બિયોનું આ નિવેદન ૭૭ વિદેશ મંત્રીઓની બેઠકની બાજુમાં મીડિયા બ્રીફિંગ દરમિયાન આવ્યું. ભારતમાં થયેલા આતંકવાદી હુમલા વિશે પૂછવામાં આવતા, તેમણે કહ્યું, "ભારતની તપાસ માટે પ્રશંસા કરવી જોઈએ. તેઓ ખૂબ જ સંપૂર્ણ અને ઝીણવટભરી રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

### તો દિલ્હી આતંકવાદી હુમલો ટાળી શકાયો હોત

## ગુપ્તચર વિભાગે ૨૮ ઓક્ટોબરે પોલીસને એલર્ટ કરી હતી, પોલીસ કાર્યવાહી કરવામાં નિષ્ફળ

**નવી દિલ્હી, તા.૧૩**

૨૮ ઓક્ટોબરના રોજ, ગુપ્તચર વિભાગના એક પોલીસ અધિકારીએ ધૌજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં, ખાસ કરીને અલ ફલાહ યુનિવર્સિટી નજીક, શંકાસ્પદ વ્યક્તિઓ અને ગતિવિધિઓની જાણ કરી. તેમણે આ રિપોર્ટ તેમના ઉપરી અધિકારીઓને મોકલ્યો.

આશ્ચર્યજનક રીતે, સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ આ રિપોર્ટ મળ્યા પછી ઘણા દિવસો સુધી બેદરકાર રહ્યા. એક સત્તાવાર ગુપ્તચર સૂત્રએ જણાવ્યું હતું કે ૨૮ ઓક્ટોબરે તૈયાર કરાયેલા આ અહેવાલ બાદ, જમ્મુ અને કાશ્મીર પોલીસ ૩૦ ઓક્ટોબરે અલ આફિયા યુનિવર્સિટી પહોંચી હતી.

જમ્મુ અને કાશ્મીર પોલીસે સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સાથે મળીને યુનિવર્સિટી કેમ્પસમાં ડો. મુઝમ્મિલ અહેમદ ગની ઉર્ફે મુસૈબની પૂછપરછ કરી હતી. ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી, કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી અને ત્રણ દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા બાદ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

આ બધું હોવા છતાં, ધરપકડ કરાયેલા ડોક્ટરના આતંકવાદી સંગઠન સાથેના સંબંધો હોવા છતાં, સ્થાનિક સ્તરે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. યુનિવર્સિટી કેમ્પસથી માત્ર ૫૦૦ મીટર અને ૩ કિલોમીટર દૂર ૨,૯૦૦ કિલોગ્રામથી વધુ વિસ્ફોટકો અને અન્ય બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી હતી. આ વિસ્ફોટકો અને સામગ્રી ૮, ૯ અને ૧૦ નવેમ્બરના રોજ યુનિવર્સિટી કેમ્પસમાં પાર્ક કરેલી કાર અને ડો. મુઝમ્મિલની માલિકીના બે ભાડાના સ્થળોએથી મળી આવી હતી.

અનુસંધાન પાના ૭ પર

## પીડિતો માનસિક આઘાતથી પીડાઈ રહ્યા છે, ઘાયલોનું કાઉન્સેલિંગ કરવામાં આવે છે

**ન્યુ દિલ્હી :** લાલ કિલ્લાની ઘટનામાં ઘાયલ થયેલા દર્દીઓની સારવાર લોકનાયક હોસ્પિટલમાં ચાલુ છે. ઘાયલો હોસ્પિટલમાં બેચેન રાતો વિતાવી રહ્યા છે, તેમના ભવિષ્યની ચિંતામાં, ખાસ કરીને જેમના ચહેરા પર ઈજા થઈ છે. આ દર્દીઓ જે માનસિક આઘાતનો અનુભવ કરી રહ્યા છે તેને દૂર કરવા માટે કાઉન્સેલિંગ પણ આપવામાં આવી રહ્યું છે. હોસ્પિટલના એક અધિકારીએ જણાવ્યું હતું કે, વિસ્ફોટ પછી આશરે ૨૭ ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આમાંથી



ત્રણ દર્દીઓએ તબીબી સલાહ (LAMA) વિરુદ્ધ સ્વેચ્છાએ રજા પર હોસ્પિટલ છોડી દીધી હતી.હાલમાં, ૨૪ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે, જેમાં ત્રણ ICU માં છે. બેની હાલત ગંભીર છે. બાકીના દર્દીઓને વિવિધ ઈજાઓ થઈ છે. ન્યુરોલોજી, સર્જરી, ઓર્થોપેડિક્સ, બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી સહિત વિવિધ વિભાગોના ડોકટરો ઘાયલોની સારવારમાં સામેલ છે.

અકસ્માતના આઘાતમાંથી બહાર નીકળવામાં દર્દીઓનું

અનુસંધાન પાના ૭ પર

## બિહારમાં કોની સરકાર ? કાલે ફૈસલો : દેશભરમાં ઉત્તેજના

### તમામ એકઝીટ પોલમાં એનડીએનું શાસન યથાવત રહેવાની ભવિષ્યવાણી

નવી દિલ્હી, તા. ૧૩

બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકો માટે બે તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં રેકોર્ડબ્રેક મતદાન થયા બાદ હવે આવતીકાલે મત ગણતરી યોજાશે. પરિણામ પૂર્વે રાજકીય પક્ષો સહિત દેશભરમાં ઉત્તેજનાનો માહોલ સર્જાયો છે.

લગભગ તમામ એકઝીટ પોલમાં રાજ્યમાં એનડીએનું શાસન યથાવત રહેવાની ભવિષ્યવાણી કરવામાં આવી હોવાથી આ તારણો સાચા પડે છે કે કેમ તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

હાર વિધાનસભાની ૨૪૩ બેઠકો માટે ગત તા. ૬ અને ૧૧ નવેમ્બરના રોજ બે તબકકામાં મતદાન યોજવામાં આવ્યું હતું. રાજયમાં અત્યાર સુધી કયારેય ન થયું હોય તેટલું સરેરાશ ૬૬ ટકા રેકોર્ડબ્રેક મતદાન થયું હતું જેના કારણે રાજકીય પક્ષોથી માંડીને નિષ્ણાંતો પણ ગોટે ચડયા હતા.

ભુતકાળનો ઈતિહાસ એવું સૂચવે છે કે રાજયમાં પાંચ ટકાથી વધુ મતદાનમાં ઉતાર-ચડાવ થાય તો સત્તા પરિવર્તન થતું હોય છે. આ વખતે પણ મતદાનમાં મોટો વધારો થયો હતો. છતાં એકઝીટ પોલમાં એનડીએનું શાસન યથાવત રહેવાની ભવિષ્ય વાણી કરવામાં આવી


અનુસંધાન પાના ૭ પર

## અમેરિકાના ઇતિહાસનું સૌથી લાંબુ શટડાઉન ૪૩ દિવસ બાદ સમાપ્ત

### ટ્રમ્પે બિલ પર સહી કરી, હેલ્થકેર પ્રોગ્રામ પર કોઈ સર્વસંમતિ નહીં

નવી દિલ્હી, તા. ૧૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે સરકારી ફંડિંગ બિલ પર હસ્તાક્ષર કર્યા, જેનાથી ૪૩ દિવસના શટડાઉનનો અંત આવ્યો. આ બિલને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નીચલું ગૃહ) દ્વારા ૨૨૨-૨૦૯ મતથી પસાર કરવામાં આવ્યું.જોકે, તેમાં હેલ્થકેર પ્રોગ્રામ ACA સબસિડી (ઓબામા કેર સબસિડી) માટે પ્રીમિયમ ટેક્સ ક્રેડિટ લંબાવવાનું કોઈ વચન આપ્યું નથી, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થાય છે. આ બિલ સેનેટ (ઉપલા ગૃહ) માં પહેલાથી જ પસાર થઈ ગયું છે.ટ્રમ્પે બિલ પર હસ્તાક્ષર કરતા પહેલા કહ્યું, "દેશ ક્યારેય



આનાથી સારી સ્થિતિમાં રહ્યો નથી. આ એક મહાન દિવસ છે." જે ૩૧ જાન્યુઆરી સુધી સરકારને ફંડિંગ પૂરું પાડશે. આ બિલ એજન્સીઓને ૩૧ જાન્યુઆરી સુધી કર્મચારીઓને છૂટા કરવાથી પણ અટકાવે છે.આ દરમિયાન, કેટલાક ડેમોક્રેટિક નેતાઓએ જાહેરાત કરી છે કે તેઓ ACA સબસિડીવાળા ટેક્સ ક્રેડિટ્સનો વિસ્તાર કરવા માટે લડાઈ ચાલુ રાખશે. તેમણે કહ્યું, "આ લડાઈ હજુ પૂરી થઈ નથી, અમે લડતા રહીશું."ડેમોક્રેટ્સના ન્યુજર્સી અને એરિઝોનામાં હાઈ-પ્રોફાઈલ ચૂંટણીઓ જીતી તેના આઠ દિવસ પછી આ મતદાન થયું, જેના કારણે પાર્ટીના ઘણા લોકો માનતા હતા કે આરોગ્ય વીમા સબસિડીના વિસ્તરણની તેમની શક્યતાઓ મજબૂત બનશે, જે વર્ષના અંતમાં સમાપ્ત થવાની છે.જ્યારે આ સમજુતી હેઠળ ડિસેમ્બરમાં સેનેટમાં આ સબસિડી પર મતદાનનું વચન આપવામાં આવ્યું

અનુસંધાન પાના ૭ પર

## ચીન સરહદ નજીક લદ્દાખમાં વિશ્વનું સૌથી ઊંચું એરબેઝ કાર્યરત

### વાયુસેના પ્રમુખ હર્ક્યુલસ વિમાનમાંથી ઉતર્યા

લદાખ, તા. ૧૩

લદ્દાખમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ મુધ-ન્યોમા એરબેઝ બુધવારે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહના સી-૧૩૦જે હર્ક્યુલસ વિમાનમાંથી ઉતરાણ સાથે કાર્યરત થયું. આ એરબેઝ લગભગ ૧૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું છે.આ એરબેઝ લગભગ ૧૩ હજાર ફૂટની ઊંચાઈ પર સ્થિત છે અને ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) થી લગભગ ૨૫ કિલોમીટર દૂર છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે એરબેઝના કાર્યરત થવાથી સંવેદનશીલ ક્ષેત્રમાં ભારતીય સેનાની વ્યૂહાત્મક તૈયારીઓમાં વધારો થવાની અપેક્ષા છે.બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) એ એરબેઝને કાર્યરત કરવા માટે ૨૧૮ કરોડનો પ્રોજેકટ અમલમાં મૂકયો હતો. આ પ્રોજેકટનો શિલાન્યાસ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૩ માં કરવામાં આવ્યો હતો.આ એરબેઝનો ઉપયોગ ફાઈટર જેટ, હેલિકોપ્ટર અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ દ્વારા કરવામાં આવશે. મુધ-ન્યોમા એર બેઝ લદ્દાખમાં ચોથું એરબેઝ છે અન્ય ત્રણ એરબેઝ લેહ, કારગિલ અને થોઈસમાં સ્થિત છે. કારગિલ એરસ્ટ્રીપ આશરે ૧૦,૫૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત

અનુસંધાન પાના ૭ પર

## એમપી-રાજસ્થાનમાં કોલ્ડવેવ, ૧૭ શહેરોમાં પારો ૧૦ ડિગ્રીથી નીચે

### ભોપાલમાં સતત પાંચમા દિવસે તાપમાન ૫ ડિગ્રી; દિલ્હી-હરિયાણામાં હવા ઝેરી, AQI ૪૦૦ને પાર

નવી દિલ્હી, તા. ૧૩

મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી અને પંજાબ સહિત અનેક રાજ્યોમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. રાજસ્થાનના ઓગણીસ અને મધ્યપ્રદેશના આઠ શહેરોમાં બુધવારે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. ભોપાલમાં સતત પાંચમા દિવસે પારો ૮ ડિગ્રી નોંધાયો હતો.

હરિયાણાના સાત શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ગયું. નારનૌલમાં સૌથી ઓછું તાપમાન ૭.૭ ડિગ્રી નોંધાયું. દિલ્હીમાં ૧૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયું, જે સામાન્ય કરતાં ૩.૧ ડિગ્રી ઓછું છે. હવામાન વિભાગે ગુરુવારે હળવા ધુમ્મસની આગાહી કરી છે.

દિલ્હી અને હરિયાણામાં લોકો ઠંડા હવામાન અને ઝેરી હવાનો સામનો કરી રહ્યા છે. બંને રાજ્યોના ૧૩ શહેરોમાં AQI ૪૦૦ને પાર થઈ ગયો છે. હરિયાણાના જીંદમાં સૌથી વધુ AQI નોંધાયું છે, જેનો AQI ૪૧૮ છે. દિલ્હીના બવાનામાં AQI ૪૫૧ નોંધાયો છે, જ્યારે ચાંદની ચોકમાં AQI ૪૪૯ નોંધાયો છે.ઈન્ડિયા ગેટ અને કર્તવ્ય પથની આસપાસનો વિસ્તાર ઝેરી ધુમ્મસની ચાદરમાં ઢંકાયેલો હતો. લુટિયન્સ ઝોનમાં ઈન્ડિયા ગેટ નજીક AQI ૪૦૮ નોંધવામાં આવ્યો હતો. ધુમ્મસ એટલું ગાઢ હતું

અનુસંધાન પાના ૭ પર

## પશ્ચિમ બંગાળમાં ૩૪ લાખ આધાર ધારકો મૃત મળી આવ્યા

### ડેટા ચકાસણી પછી તેમના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવશે

ન્યુ દિલ્હી : પશ્ચિમ બંગાળમાં યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) ના અધિકારીઓએ ચૂંટણી પંચને જાણ કરી છે કે, રાજ્યમાં લગભગ ૩.૪ મિલિયન આધાર કાર્ડ ધારકો મૃત હાલતમાં મળી આવ્યા છે.

મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં, UIDAI ના અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦૦૯ માં આધાર લોન્ચ થયા પછી ઓળખાયેલા આ મૃત વ્યક્તિઓની વિગતો ચૂંટણી પંચ સાથે શેર કરવામાં આવી છે.અધિકારીઓએ એમ પણ જણાવ્યું હતું કે ૧.૩ મિલિયન અન્ય મૃત વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી છે જેમની પાસે આધાર કાર્ડ નહોતા. ડેટા ફરીથી ચકાસ્યા પછી, આ મૃત વ્યક્તિઓના નામ મતદાર યાદીમાંથી દૂર કરવાની પ્રક્રિયા શરૂ થશે.મતદાર યાદીના ખાસ ઊંડાણપૂર્વકના સંશોધન દરમિયાન આ માહિતી બહાર આવી હતી. તેનો હેતુ મૃત, ગેરહાજર અને ડુપ્લિકેટ મતદારોના નામ દૂર કરીને મતદાર યાદીને સચોટ અને અદ્યતન બનાવવાનો છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચને નકલી મતદારો, મૃત મતદારો, ગેરહાજર મતદારો અને મતદાર યાદીમાં ડુપ્લિકેટ

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫




# માંડવીમાં જનજાતિય ગૌરવ રથયાત્રાના ભવ્ય સ્વાગતમાં લોકો ઉમટી પડ્યા

## યુવાનને ઉચ્ચ શિક્ષિત અને કુશળ બની આત્મનિર્ભર બનવાનો અનુરોધ કરતા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ

સુરત, તા.૧૩

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી થઈ રહી છે, ત્યારે રાષ્ટ્રનિર્માણમાં આદિજાતિ સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે 'જનજાતીય ગૌરવ વર્ષ મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આયોજિત 'જનજાતીય ગૌરવ રથયાત્રા માંડવી તાલુકા મથકે આવી પહોંચી હતી, જ્યાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ અને પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી કુંવરજીભાઈ હળપતિએ ભવ્ય સ્વાગત કર્યું હતું.

સુપડી ચાર રસ્તા ખાતે આયોજિત કાર્યક્રમમાં આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, અનેક શૂરવીરોએ આઝાદીના સંગ્રામમાં પોતાના બલિદાનો આપ્યા હતા. ભગવાન બિરસામુંડાએ આપેલા યોગદાનથી નવી પેઢી અવગત થાય તેવા આશયથી ૧૫મી નવેમ્બરને જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવણી કરવાની જાહેરાત વડાપ્રધાને કરી છે.

તેમણે વધુમાં કહ્યું કે, અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી ૧,૩૭૮ કિ.મી.ની 'જનજાતિય ગૌરવ રથ યાત્રા' યોજાઈ રહી છે. આ તકે મંત્રીએ સૌ યુવાનોને ઉચ્ચ શિક્ષિત અને કુશળ બની આત્મનિર્ભર બનવાનો અનુરોધ કર્યો હતો. આરોગ્ય, શિક્ષણથી લઈને અનેકવિધ યોજનાઓના લાભો આદિવાસી વિસ્તારોમાં પહોંચતા કર્યા છે. આવનારા સમયમાં આદિવાસી લોકબોલીઓના સંવર્ધન માટે પણ સરકાર કાર્ય કરશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે પૂર્વ મંત્રી અને માંડવીના ધારાસભ્યશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રના નિર્માણમાં આદિજાતિના યોગદાનને ઉજાગર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે 'જનજાતિય ગૌરવ રથ યાત્રા'ના માધ્યમથી નવી પહેલ કરી છે, ત્યારે આગામી તા.૧૫મી નવેમ્બરના રોજ ડેડિયાપાડા ખાતે વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં થનાર ઉજવણીમાં સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે માંડવી પ્રાયોજના વહીવટદાર સુનીલકુમારે સ્વાગત પ્રવચન કરીને જનનાયક બિરસા મુંડાએ દેશ માટે આપેલા બલિદાન વિગતો આપીને સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે આદિવાસી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે મંત્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે કિસાન પરિવહન યોજના, પીએમ જનમન તથા હળપતિ આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવીનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે વિધાનસભા નાયબ દંડકશ્રી વિજયભાઈ પટેલ, જિ.સંગઠન પ્રમુખ ભરતભાઈ રાઠોડ, અગ્રણી સર્વે અર્જુનભાઈ ચૌધરી, માંડવીના પ્રાંત અધિકારી, મામલતદાર, તા.વિકાસ અધિકારી, અગ્રણી જીગર નાયક, નિમેષભાઈ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રખર કોંગ્રેસી સન્મુખ દાદાનું નિધન

સુરત, તા.૧૩



સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના એક અમર સેવક, જેમણે છેલ્લા ૫૦ વર્ષથી વધુ સમયથી કોંગ્રેસ પાર્ટીમાં નિષ્ઠાપૂર્વક અને નિસ્વાર્થ ભાવે એક પાયાનાં કાર્યકર તરીકે સેવા આપનાર સ્વ. સન્મુખ દાદા મૈયસુરીયાનું દુઃખદ નિધન થયું હતું. તેમનું આ અચાનક વિદાય અમને એક અનુભવી નેતા અને સાચા કાર્યકર્તાની ખોટની અનુભૂતિ કરાવે છે. તેઓ માત્ર એક વ્યક્તિ નહોતા, પરંતુ કોંગ્રેસના આદર્શોનું જીવંત પ્રતીક હતા — જેમણે જીવનના દરેક ક્ષણમાં પાર્ટીની સેવા અને લોકોના હિતને પ્રાથમિકતા આપી. સ્વ. સન્મુખ દાદા મૈયસુરીયા — આ નામ જ કોંગ્રેસના ઈતિહાસમાં એક અમર અધ્યાય છે. તેમની નિષ્ઠા અને ત્યાગની કથાઓ અમને હંમેશા પ્રેરણા આપશે. કોંગ્રેસ અગ્રણી દર્શન નાયકે સદ્‌ગતને શ્રધ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૫૦ વર્ષથી, તેઓએ સુરતના કોંગ્રેસમાં અસંખ્ય પડકારોનો સામનો કરીને પાર્ટીને નિસ્વાર્થ ભાવે સેવા કરી છે. આજના આધુનિક યુગના સમયમાં તેમણે ક્યારેય વ્યક્તિગત લાભની અપેક્ષા રાખ્યા વિના, માત્ર અને માત્ર કોંગ્રેસના આદર્શો — સમાનતા, ન્યાય અને લોકશાહી — માટે જીવન સમર્પિત કર્યું. તેમની આંખોમાં હંમેશા પાર્ટી કોંગ્રેસ પાર્ટી માટે પ્રેમ અને લોકો માટે સમર્પણની જ્યોત જોવા મળતી હતી. કેટલીક વખત તો તેઓ રાત-દિવસ ખાવું-પીવું ભૂલીને પાર્ટીના કાર્યમાં લાગી જતા, અને તેમની આ નિસ્વાર્થ સેવા અમને બધાને શીખવા માટેનું પાઠ્યપુસ્તક જેવી છે. આજે સવારે, જ્યારે તેમણે છેલ્લો શ્વાસ છોડ્યો, ત્યારે માત્ર એક વ્યક્તિનું અવસાન નથી થયું, પરંતુ કોંગ્રેસ પરિવારના એક મજબૂત સ્તંભની ખોટ થઈ છે.

# સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે સુરતમાં યુનિટી માર્ચ પદયાત્રા યોજાશે : પરેશ પટેલ

## તા.૧૬ નવેમ્બરથી ૨૨ સુધી પદયાત્રા માટે ભાજપ સંગઠન દ્વારા વ્યવસ્થા ગોઠવાઈ

સુરત, તા.૧૩

ભારતના પ્રથમ ગૃહમંત્રી લોહપુરુષ અને રાષ્ટ્રીય એકતા પુરુષ શ્રી સરદાર વલ્લભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ છે.આ અવસરે દેશમાં પ્રત્યેક વિધાનસભા દીઠ "યુનિટી માર્ચ" પદયાત્રા નું આયોજન કરવાનું છે - પરેશ પટેલ

ભારતના પ્રથમ ગૃહમંત્રી લોહપુરુષ અને રાષ્ટ્રીય એકતા પુરુષ શ્રી સરદાર વલ્લભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ છે.આ અવસરે દેશમાં પ્રત્યેક વિધાનસભા દીઠ "યુનિટી માર્ચ" પદયાત્રા નું આયોજન કરવાનું છે - પરેશ પટેલ. જે અંતર્ગત સુરત શહેર માં તા.૧૬ નવેમ્બર થી ૨૨ નવેમ્બર સુધી પ્રત્યેક વિધાનસભા માં આ પદયાત્રા થવા જઈ રહી છે જેમાં સંગઠન દ્વારા આ યાત્રા ની સંપૂર્ણ વ્યવસ્થા માટે શહેરમાં ઇન્ચાર્જ તરીકે શહેર મહામંત્રી શ્રી કાળુભાઈ ભીમનાથ તથા સહઇન્ચાર્જ તરીકે શ્રીમતિ ઉર્વશીબેન પટેલ,શ્રી રસીકભાઈ પટેલ,શ્રી પાર્થ માધાણી ની નિયુક્તિ કરવામાં આવી છે તથા વિધાનસભા દીઠ અલગ અલગ વ્યવસ્થા ની ટીમો બનાવી છે. આ યાત્રામાં ૧૫૧ યુવાનો પદયાત્રી તરીકે ભાગ લેશે અને તેમની સાથે વિશાલ સંખ્યામાં પદયાત્રી ઓ જોડાશે. યાત્રા તેના પૂર્વ નિર્ધારિત રૂટ પરથી નીકળશે જેમાં વિવિધ જગ્યાઓ એ પડાવ (સ્વાગત પોઈન્ટ) રાખવામાં આવેલ છે. યાત્રા ના દરેક પડાવ પર સાંસ્કૃતીક કાર્યક્રમો , વૃક્ષારોપણ,આત્મનિર્ભર ભારત જાગૃતિ જેવા કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ છે.શહેર ના અગ્રણીઓ વિવિધ દર્દ તથા સામાજીક

અનુસંધાન પાના ૭ પર



ચીખલી અને ખેરગામ તાલુકાઓમાં મંજૂર થયેલ રોડના રીસર્ફેસિંગ તેમજ વાઇડનિંગ કામોના ખાતમુહૂર્ત દિવાળી પૂર્વે કરવામાં આવેલ હતા. તે માર્ગો ઉપર ચોમાસું વિદાય લેતાની સાથે જ માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા ડામર કામની કામગીરી તાત્કાલિક શરૂ કરી દેવામાં આવેલ છે, જેથી સારા રોડ બનતા જ અવરજવર કરતા રાહદારીઓ અને વાહનચાલકોને પડતી મુશ્કેલીથી રાહત મળશે.

# વડાપ્રધાનની મુલાકાત સમયે અંત્રોલીમાં નો ડ્રોન ફ્લાય ઝોન

સુરત, તા.૧૩

આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના અંત્રોલી ખાતે બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાતે આવનાર છે. જે સંદર્ભે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી વિજય રબારીએ એક જાહેરનામાં થકી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી આ પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કોન્વોય રૂટ અને અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશનના વિસ્તારને 'નો ડ્રોન ફ્લાય ઝોન' જાહેર કર્યો છે, જ્યાં પોલીસ વિભાગના ડ્રોન સિવાય અન્ય કોઈ પણ ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ગણાશે.




## કલા મહાકુંભની લોકવાર્તા સ્પર્ધામાં

# અસ્નાબાદ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની પ્રથમ ક્રમે આવી

સુરત, તા.૧૩

જિલ્લા કક્ષાનાં કલા મહાકુંભની લોકવાર્તા સ્પર્ધામાં અસ્નાબાદ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો. સુરત જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ કોસંબાની નવસર્જન ઈ.મી. એન્ડ ગુ.મી. સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ઓલપાડ નગર સ્થિત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત અસ્નાબાદ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ખુશી મુન્નાભાઈ વર્માએ લોકવાર્તા સ્પર્ધામાં અન્ય હરીફોને પાછળ છોડી અવ્વલ સ્થાન હાંસલ કર્યુ હતું. શાળાનાં ઉપશિક્ષિકા કલ્પના પટેલ માર્ગદર્શિત આ વિદ્યાર્થીને જિલ્લા કક્ષાએ ઝળહળતી સિદ્ધિ મેળવવા બદલ શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતાં. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# પૂર્ણા નદી બ્રિજ પર ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવાયો

## વૈકલ્પિક માર્ગો જાહેર કરાયા

નવસારી, તા.૧૩

નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કરબાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) જે વર્ષ ૧૯૭૮ માં બનાવવામાં આવેલ હતો. હાલમાં આ બ્રિજ બન્યાને ૪૭ વર્ષ પૂર્ણ થયેલ છે. તાજેતરમાં વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલ હોનારતને ધ્યાને લેતા સદર બ્રીજનું ઈન્સપેકશન ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવયું હતું. જેમાં બ્રીજનું ઈન્સ્પેકશન કરતાં ડિઝાઈન સર્કલ, ગાંધીનગર દ્વારા આ બ્રીજ "પૂવર" કન્ડીશનમાં માલૂમ જણાતા આ બ્રીજ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવો હિતાવહ છે તેમ જણાવાયું છે. જેથી સલામતીના ભાગરૂપે બ્રીજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વહીકલની અવરજવર પર પ્રતિબંધ મૂકી ફક્ત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી શ્રી યોગરાજસિહ બી ઝાલાને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) મુજબ મળેલ સત્તાની રૂએ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ. મી. ૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર તા.૧૩-૦૧-૨૦૨૬ સુધી

અનુસંધાન પાના ૭ પર

# ઉમરા વિસ્તારનું પ્રમોલગેશન જાહેર જનતા માટે ખુલ્લું મૂકાયું

## પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો તા.૧૬મી સુધીમાં લેખિત કે રૂબરૂમાં વાંધા રજૂ કરવા અનુરોધ

સુરત, તા.૧૩

સુરત જિલ્લાના સુરત સિટી તાલુકાના ઉમરા વિસ્તારને સિટી સર્વેમાં દાખલ કરવા માટે જમીન મહેસુલ અધિનિયમ મુજબ મંજૂરી મળી છે. જેથી સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૨ની કચેરીના શીટ નં.૫૮, ચાલત નં.૦૯ થી ૨૦નું રેકર્ડ તૈયાર કરીને તા.૧૬/૧૧/૨૦૨૫ના રોજ પ્રમાણિત કરવામાં આવનાર છે. આ તૈયાર થયેલા રેકર્ડ, પ્રોપર્ટી કાર્ડ, નકશાને સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૨ની કચેરી, એ-બ્લોક, સાતમો માળ, બહુમાળી ભવન, નાનપુરા ખાતે જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. આ રેકર્ડ સામે કોઈને વાંધો હોય તો તા.૧૬મી નવેમ્બર સુધીમાં આ કચેરી ખાતે લેખિતમાં રજૂ કરવા અથવા આ કચેરીમાં તા.૧૬મીએ સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ વાગ્યા દરમિયાન રૂબરૂમાં હાજર રહી વાંધા રજૂ કરવા નાયબ નિયામક,જમીન દફતરની યાદીમાં જણાવાયું છે.

# અદાણી સિમેન્ટ અને કૂલબ્રુક સિમેન્ટ રોટોડાયનેમિક હીટરનો ઉપયોગ કરશે

## આંધ્ર પ્રદેશમાં અદાણી સિમેન્ટનો ટેકનોલોજી આધારીત વિશ્વનો સૌપ્રથમ સિમેન્ટ પ્લાન્ટ બનશે

સુરત, તા.૧૩

અદાણી સિમેન્ટ અને કૂલબ્રુકે ભારતના આંધ્ર પ્રદેશમાં બોયારેડ્ડીપલ્લી ઈન્ટિગ્રેટેડ સિમેન્ટ પ્લાન્ટ ખાતે સિમેન્ટ ડિકાર્બોનાઇઝેશનને આગળ વધારવા માટે ક્રાંતિકારી RotoDynamic Heater™ (RDH™)ટેક્નોલોજીના વિશ્વમાં સૌપ્રથમ વખત વ્યવસાયિક સ્તરે ઉપયોગ માટે તેમના ડિલિવરી કરારની જાહેરાત કરી છે. કૂલબ્રુકનીRDH™ટેક્નોલોજીને આ સૌપ્રથમ વખત ઔદ્યોગિક સ્તરે લાગુ કરવામાં આવી રહી છે જે અદાણી સિમેન્ટના ૨૦૫૦ સુધીમાં નેટ ઝીરો લક્ષ્યાંક હાંસલ કરવા (SBTiદ્વારા માન્ય કરાયેલા) અને વિશ્વભરમાં હેવી ઈન્ડસ્ટ્રી સેક્ટર્સમાં વાર્ષિક ધોરણે ૨.૪ અબજ ટન કાર્બન ડાયોક્સાઈડ ઘટાડવાના કૂલબ્રુકના ધ્યેયને આગળ વધારે છે. આ ટેક્નોલોજી સિમેન્ટ ઉત્પાદનના સૌથી વધુ અશ્મિભૂત ઈંધણ સઘન તબક્કા એવા કેલ્સિનેશન ફેઝને ડિકાર્બોનાઇઝ કરશે. વૈકલ્પિક ઇંધણોની હિટીંગ વેલ્યુને ડ્રાય કરવા અને વધારવા માટે ક્લિન હીટ પૂરી પાડીને આ ટેક્નોલોજી અશ્મિભૂત ઈંધણોના બદલે ટકાઉ વિકલ્પોનો વધુ ઉપયોગ સક્ષમ બનાવે છે. આ પ્રકારે ઉપયોગ કરવાથી દર વર્ષે કાર્બન ઉત્સર્જનમાં સીધો ૬૦,૦૦૦ ટનનો ઘટાડો થવાની સંભાવના છે જે આગામી સમયમાં ૧૦ ગણુ વધે તેવી શક્યતા ધરાવે છે, જે સિમેન્ટના ઉત્પાદનના ડિકાર્બોનાઇઝિંગ તરફનું એક મહત્વનું પગલું છે. નિર્ણાયક રીતે RDH™ સિસ્ટમ સંપૂર્ણપણે અદાણી સિમેન્ટના વિશાળ સ્તરના રિન્યૂએબલ એનર્જી પોર્ટફોલિયો દ્વારા સંચાલિત હશે જે સુનિશ્ચિત કરશે કે પેદા થતી ઔદ્યોગિક ગરમી સંપૂર્ણપણે ઉત્સર્જન મુક્ત હોય. આ ઉપયોગ સંપૂર્ણપણે પુનઃવપરાશી ઊર્જા દ્વારા સંચાલિત સ્વચ્છ, ઈલેક્ટ્રિફાઇડ ઇન્ડસ્ટ્રીયલ હીટની વાસ્તવિક વિશ્વની સંભાવના દર્શાવે છે. આ પહેલ અદાણી સિમેન્ટને વિશ્વના ક્લિન મેન્યુફેક્ચરિંગ સિમેન્ટ હબ તરીકે ભારતના ઉદભવને આગળ વધારવા માટે મોખરે રાખે છે.

અદાણી ગ્રુપના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી વિનોદ બહેતીએ જણાવ્યું હતું કે, "અમારી કામગીરીમાં કૂલબ્રુકના RotoDynamic Heater™નો વિશ્વમાં પ્રથમ વખત વ્યવસાયિક ધોરણે ઉપયોગ અમારી ડિકાર્બોનાઇઝેશન યાત્રામાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે. આ અમારા નેટ-ઝીરો લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા તરફ એક મોટી છલાંગ છે. આવા અત્યાધુનિક ઈલેક્ટ્રિફિકેશન સોલ્યુશન્સને અમારા સિમેન્ટ ઉત્પાદનમાં જોડીને અમે અશ્મિભૂત ઈંધણથી દૂર જવાના પરિવર્તનને વેગ આપી રહ્યા છીએ, ઉત્સર્જનને મોટા પાયે ઘટાડી રહ્યા છીએ, સ્વચ્છ ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ વધારી રહ્યા છીએ અને લૉ-કાર્બન સિમેન્ટ ઉત્પાદન માટે એક નવું ધોરણ સ્થાપિત કરી રહ્યા છીએ. આ આગળ વધી રહેલી ભાગીદારી આબોહવા નેતૃત્વ પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતા અને નવીનતા તથા ટકાઉપણા દ્વારા લાંબા ગાળે મૂલ્ય પૂરું પાડવાની દ્રઢતા દર્શાવે છે. આ સીમાચિહ્ન અગ્રેસર રહેવાના અમારા વારસાને દર્શાવે છે અને વૈશ્વિક બિલ્ડિંગ મટિરિયલ્સ સોલ્યુશન્સ પાવરહાઉસ બનવા તરફના અમારા પરિવર્તનશીલ પગલાંને રજૂ કરે છે. અમે અમારા આરએન્ડડી રોકાણો સાથે કૂલબ્રુક જેવા ભાગીદારોની એક મજબૂત ઈકો-સિસ્ટમ બનાવી રહ્યા છીએ." આ પ્રોજેક્ટ ગહન ઈન્ડસ્ટ્રીયલ ડિકાર્બોનાઇઝેશન માટે એક મજબૂત અને સ્કેલેબલ કહી શકાય તેવો અભ્યાસ પૂરો પાડે છે જેનું અનુસરણ થાય તેવી પ્રબળ સંભાવના છે. કૂલબ્રુક અને અદાણી સિમેન્ટે અદાણી સિમેન્ટના ઔદ્યોગિક કામગીરીમાં રોટોડાયનેમિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે અનેક ફોલો-ઓન તકો ઓળખી કાઢી છે અને આગામી બે વર્ષમાં ઓછામાં ઓછા પાંચ વધારાના પ્રોજેક્ટ શરૂ કરવાની મહત્વાકાંક્ષા વ્યક્ત કરી છે.

આગળ જતાં, RDH™ ટેક્નોલોજી અદાણી સિમેન્ટના ઉત્પાદનને ડિકાર્બોનાઇઝ કરવામાં, પ્રોસેસની કાર્યક્ષમતામાં સુધારો કરવામાં અને કંપનીના ટકાઉપણા લક્ષ્યોને વેગ આપવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જેમાં નાણાંકીય વર્ષ ૨૦૨૮ સુધીમાં AFR (alternative fuels and resource materials) નો ઉપયોગ ૩૦ ટકા સુધી વધારવા અને ગ્રીન પાવરનો હિસ્સો ૬૦ ટકા સુધી વધારવાનો સમાવેશ થાય છે. ફર્સ્ટ જનરેશન ઇંઢઊઁન લગભગ ૧૦૦૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાને ગરમ વાયુ પૂરા પાડશે, જેનાથી વૈકલ્પિક ઈંધણને સૂકાઈ જશે જે તેના ઉપયોગને વધુ હરિયાળો અને વધુ કાર્યક્ષમ બનાવશે. આનાથી સિમેન્ટ ઉત્પાદન માટે હાઇ-ટેમ્પરેચર ઈલેક્ટ્રિફિકેશનમાં એક મહત્વની સફળતા મળશે. કૂલબ્રુકના સીઈઓ શ્રી જુનાસ રૌરામોએ જણાવ્યું હતું કે "અદાણી સિમેન્ટ સાથે વિશ્વના પ્રથમ ઔદ્યોગિક-સ્તરના પ્રોજેક્ટમાં સામેલ થવું એ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સિમેન્ટ બજારોમાંના એકમાં ઈન્ડસ્ટ્રીયલ ઈલેક્ટ્રિફિકેશન માટે એક પરિવર્તનશીલ પગલું છે. અમારું ધ્યેય રોટોડાયનેમિક ટેકનોલોજીને જ્યાં કાર્બન ઉત્સર્જન કરવું મુશ્કેલ છે તેવા ક્ષેત્રોને ડિકાર્બોનાઇઝ કરવા માટે એક નવું ઈન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ બનાવવાનું છે. સાથે મળીને, અમે સિમેન્ટનું ઉત્પાદન કેવી રીતે થાય છે તેનીનવેસરથી વ્યાખ્યા કરી રહ્યા છીએ જે સ્વચ્છ, વધુ કાર્યક્ષમ અને નેટ-શૂન્ય ભવિષ્ય માટે તૈયાર છે." અદાણી સિમેન્ટનું વ્યાપક ટકાઉપણા માટેનું નેતૃત્વનું પ્રમાણ એ બાબત પરથી મળે છે કે વૈશ્વિક સ્તરે તેણે એવી ચાર મોટી સિમેન્ટ કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે જેણે SBTi-માન્યતા પ્રાપ્ત નેટ-ઝીરો લક્ષ્યાંકો અને વૈશ્વિક સહયોગ મેળવ્યા છે, જેમાં IRENA હેઠળ Alliance fro Industry Decarbonisation (AFID)માં જોડાનારી તે વિશ્વની પ્રથમ સિમેન્ટ ઉત્પાદક કંપની બની છે.



# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રોડ સેફ્ટી અવેરનેસ અભિયાન અંતર્ગત વાહનોને રેટ્રો રિફ્લેક્ટર લગાવાયા

## પાંડેસરાના ઔદ્યોગિક વિસ્તારમાં કામદારોની સલામતી માટે ચેમ્બર ઓફ કોમર્સની કામગીરી

સુરત, તા.૧૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માર્ગ સલામતી અંગે જનજાગૃતિ લાવવાના હેતુસર સોમવાર, તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ થી ૭:૩૦ કલાક સુધી પ્રમુખ પાર્ક ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, પાંડેસરા–ભેસ્તાન વચ્ચે, ઉધના–નવસારી મેઈન રોડ, સુરત ખાતે સાયકલ રેટ્રો રિફલેકટર અને ટૂ–વ્હીલર રોડ સેફટી અવેરનેસ અભિયાન હાથ ધરાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજયુકેશન એન્ડ અવેરનેસ કમિટીના આ ઉપક્રમે રોડ સેફટી અવેરનેસ અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતો અંગે જાગૃતિ ફેલાવવાનો છે. ખાસ કરીને સાયકલચાલકો, ટૂ–વ્હીલર અને ટેમ્પો ચાલકોને રાત્રિના સમયે વાહન પર રેટ્રો રિફલેકટર લગાવવાના મહત્વ વિશે સમજાવવામાં આવ્યા હતા. કામદારોની જાનની સલામતિ માટે તેઓની સાયકલો અને થ્રી વ્હીલ ટેમ્પો મળી ૧૦૦૦ રેટ્રો રિફલેકટર

અનુસંધાન પાના ૭ પર

# સાયણ સુગર ફેકટરીમાં પૂજા વિધિ સાથે પિલાણ સીઝનનો શુભારંભ થયો

સુરત, તા.૧૩

દ.ગુ.ની અગગ્રણ્ય ગણાતી શ્રી સાયણ સુગર ફેકટરીએ બુધવાર,તા.૧૨ ના રોજ ભૂદેવની હાજરીમાં સંસ્થાના ઉપપ્રમુખ મનુભાઈ પટેલના વરદહસ્તે ફેકટરીના યાર્ડમાં પૂજાવિધી સંપન્ન કરાવી ચાલુ વર્ષની સિઝન માટે શેરડી પિલાણનો શુભારંભ કર્યો હતો.

આ શુભ પ્રસંગે સુગર ફેકટરીના ક્રેઈન કેરીયર નજીક સત્યનારાયણ ભગવાનની પૂજાવિધિ સંપન્ન થયા બાદ ફેકટરીની ટ્રાન્સપોર્ટ ઓફિસ,વે-બ્રીજ,અને ફેકટરીમાં જુદા-જુદા વિભાગોની પૂજા કરવામાં આવી હતી.ત્યાર બાદ સુગરના પ્રમુખ રાકેશભાઈ પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ,એમ.ડી. પ્રવિણભાઈ પટેલ સહિત સંસ્થાના બોર્ડ ઓફ ડિરેકટરો એ ફેકટરીની ચેઈનમાં પિલાણ માટે શેરડી નાંખી શેરડી પિલાણનો પ્રારંભ કરાવ્યો હતો.આ પ્રસંગે સુગરના પ્રમુખ રાકેશભાઈ પટેલે ચાલુ વર્ષે સુગર મીલ અંદાજીત ૯,૦૦,૦૦૦ મેટ્રીક ટનથી વધુ શેરડી પિલાણનો લક્ષ્યાંક સિદ્ધ કરશેનો આશાવાદ વ્યક્ત કરી કહ્યું કે,અમારી પાસે ચાલુ વર્ષમાં સભાસદ ખેડૂતોની ૧૬,૦૦૦ એકર વાવેતર કરેલ ઉભી શેરડી અને ૧૨, ૦૦૦ એકર લામ મળી કુલ ૨૮,૦૦૦ એકર શેરડીનો પુરવઠો છે.જેથી અમારો લક્ષ્યાંક સિદ્ધ થશે જેમાં કોઈ શંકાને સ્થાન નથી.તેમણે વધુ કહ્યું કે, સાયણ સુગર મીલ શેરડી પિલાણ શરૂ કરે તે પહેલા ખેડૂત સભાસદની ૧૨૦ એકર ઉભી શેરડી બળી ગયેલ છે. પરંતુ શેરડી પિલાણ ચાલુ થતા પહેલા જો આકસ્મિક રીતે શેરડી બળી જાય તેવા સંજોગોમાં સુગર બોર્ડે ભોગ બનનાર ખેડૂત સભાસદના હિતમાં છેલ્લા પાંચ વર્ષ પહેલા કરેલ નિર્યણ મુજબ જો ૨૦ દિવસ પહેલા શેરડી બળેલ હોય તો ૧૦૦% માફી,૧૦ દિવસી પહેલા ૫૦% માફી અને ૦૫ દિવસ પહેલા ૨૫% માફી આપેલ છે.જયારે આવા ખેડૂત સભાસદે જો તે જમીનમાં બીજો

અનુસંધાન પાના ૭ પર

## મીલમાં શેરડી પિલાણ શરૂ કરતાં પહેલા બળી ગયેલ શેરડીના ભાવ કપાત મામલે સંસ્થાની બોર્ડે છેલ્લા પાંચ વર્ષ પૂર્વે કરેલ નિર્ણય ચાલુ વર્ષે પણ યથાવતઃ ચેરમેન રાકેશભાઈ પટેલ

# આહારથી આરોગ્ય સુધીઃ શું છે આ પોપકોર્ન બ્રેન સિંડ્રોમ?

**આજનું ડિજિટલ જગત પ્રોદ્યોગિકી દ્વારા સંચાલિત એક તીવ્ર ગતિથી બદલાતું હોય છે. જેમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજિન્સ, સોશ્યલ મીડિયા અને ઓનલાઇન સેવાનો ઊંડો પ્રભાવ આપણા પર પડયો છે. દુનિયામાં લગભગ બધે જ શિક્ષણ, કામકાજ અને સામાજિક જીવન શક્તિ બધું જ કામ ઉપકરણોથી જોડાયેલું છે. ડિજિટલ ઉપકરણોના માધ્યમ એ એક વ્યાપક અનુભવ બની ગયા છે. ડિજિટલ દુનિયામાં સફળ થવા રોજનું કોઇ નવીનતમ અને વિવિધ ડિજિટલ કૌશલથી જોડાવું આવશ્યક બની ગયું છે.**

ડિજિટલ વ્યાપાર કરનાર સતત આપણી સમક્ષ નવીનતમ સુવિધા રાખે છે જેના કારણે શારીરિક કામ ખૂબ જ ઓછું કરી નાખ્યું. માનસિક કામકાજ ખૂબ મોટા પાયે વધી ગયું. જેના કારણે મગજમાં સ્થિરતા રહી શકતી નથી. ધાણી (પોપકોર્ન) ની જેમ મગજમાં વિચારો આવે છે કે ફૂટતાં રહે છે. આનું કારણ છે કે સતત ઉપકરણોનો વપરાશ (મોબાઈલનો વપરાશ) આ ઉપકરણોના વપરાશ નાનાં બાળકોથી માંડીને વયોવૃદ્ધ સુધી વધી ગયા છે.

કોઈ મનપસંદ, શો ટીવી પર જોઈએ તેની સાથે તરત હાથમાં મોબાઈલ રાખી તેમાં રીલ જોવાનું ચાલુ કરે. થોડીવારમાં ટ્વિટર ચેક કરે તરત વૉટસ્એપ જોવે. થોડીવાર કોઇ બુક વાંચે, એક પાનું વાંચ્યુ નહીં કે તરત જ કોઇ ગીત સાંભળવાનું ચાલુ કરે. ગીત પૂરું ન સાંભળે ત્યાં કોઈની સાથે મોબાઈલ પર વાત કરે. કહેવાનું એ છે કે સતત મગજના વિચારો બદલાયા કરે. કોઈ એક કામમાં એકાગ્રતા રહેતી નથી. તેથી મનોવૈજ્ઞાનિકોએ આ એક મોટી સમસ્યાનો મુદ્દો કહ્યો છે. જેને નામ આપ્યું 'પોપકોર્ન બ્રેન સિંડ્રોમ' જેમ પોપકોર્ન ફૂટે તેમ મગજમાંથી વિચારો ફૂટતા રહે છે.

આ સિંડ્રોમનો શિકાર લગભગ બધી જ ઉંમરના લોકો થાય છે. અસ્થિરતા વધવા લાગે છે. જેમ જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ઓપ્શન વધી ગયા અને શું લેવું તે નક્કી કરી શકાતું નથી. તેમ આ ઉપકરણોમાં સોશ્યલ મીડિયાના વધારો થતાં લોકો મૂંઝવણમાં રહે છે. ઉપકરણોના ઉપયોગ બિનજરૂરી રીતે વધુ વધી રહ્યો છે. જેના કારણે મગજની બીમારી વધતી જાય છે. એટલે કે માનસિક રીતે બીમાર પડી રહ્યાં છે.



ઉપકરણોના માધ્યમથી લગભગ બધી જીવન જરૂરિયાત વસ્તુઓ મળી રહે છે. તેના કારણે લોકો અતિ આળસુ બની ગયા છે. જે વસ્તુની જરૂરિયાત હોય તેને ઘરમાં મંગાવીને વપરાશ કરે છે. શારીરિક કામ ઘટી ગયા છે જેની અસર પાચનક્રિયા પર પડી રહી છે. બહારના ભોજન જલદી મળી રહે છે. તેનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. બહારના ખાદ્ય પદાર્થના કારણે શરીર પણ બીમાર પડી રહ્યું છે. જેનો પ્રભાવ પણ માનસિક રીતે માનસ પર પડે છે. આ કોઈ શારીરિક બીમારી ગણીયે કે માનસિક કહેવું એ મુશ્કેલ છે.

ઉપકરણોનો વધુ ઉપયોગનું તાજું ઉદાહરણ છે. બેંગ્લોરના એક સત્તર વર્ષના યુવાન જે એક સંતાન છે. જેને શોર્ટ વીડિયો જોતાની લત લાગી ગઇ. સાતથી આઠ કલાક સતત યુટયૂબ અને ઇન્સ્ટાગ્રામ પર રીલ જોવામાં વિતાવ્યા. જેના કારણે તેને ભૂખ લાગી છે કે નહીં તે ખબર નહીં. આસપાસ કોણ છે તેની ખબર નહીં થોડા સમયમાં તે બધું જ ભૂલવા લાગ્યો. જે યુવાન કલાસમાં ટોપર કરતો તે પચાસ ટકાથી નીચે પણ નીચેનું રિઝલ્ટ આવ્યું. બધી વાતો પણ ભૂલવા લાગ્યો સુધારવા માટે ઘણું કાઉન્સેલિંગ કરાવ્યું પણ પરિણામ ખૂબ ઓછું મળ્યું.


મોટી યુનિવર્સિટીના એક સંશોધન દ્વારા એવું જણાવ્યું કે જે વસ્તુ આપણને અધિક ગમતી હોય તેનું કારણ છે ડીપામાઇનનું વધુ સક્રિય થવું. આની શોધ માટે સાઇકોલોજિસ્ટ જેમ્સ ઓલ્ડ અને ડોકટર પીટલ મિલનરએ ઉંદર પર એક્સપરીમેન્ટ કર્યો. તેમણે ઉંદર પર ડીવાઇસ લગાવ્યા અને તેમના બિહેવીયર કેવા છે. તેમણે લગભગ હજારો ઉંદર પર એક સાથે ડીવાઇસ લગાવ્યા અને જોયું કે તેઓની વર્તણૂક કેવી છે.

આ ડીવાઈસ એ ઈલેકટ્રિક સીટીથી જોડાયા. અલગ અલગ બટન દબાવી તેમને ઈલેકટ્રિક શોર્ટ આપ્યા. અને તેમને ઉત્તેજિત કરતા ગયા. ઘણા ઉંદરોને મગજ પર લગાડેલા ડીવાઇસથી ખૂબ જ મજા આવી અને સુધ ભૂલી ગયા. ખાવાનું ભૂલી ગયા, પાણી પણ ન પીધું, વારંવાર મગજનો એક ભાગ પર શોર્ટ આપતા ગયા લગભગ બે હજાર વખત ત્યાં તેમણે ટચ (શોર્ટ) આપ્યા. જે ભાગ પર શોર્ટ અપાતો તેમને મજા આવતી. ત્યારે જણાયું કે ડોપામાઇન એ ખુશીનો અહેસાસ કરાવે છે.

આ શોધનો ઉપયોગ ઘણાં વર્ષો સુધી દબાયેલો રહ્યો. થોડા સમય પછી ચાઇના દેશના ડોકટરે આનો અભ્યાસ કર્યો. આ શોધનો ઉપયોગ કર્યો કે જે લોકોને ગમવા લાગી. વારંવાર જોતા ડોપામાઇન તત્ત્વ મગજમાં સક્રિય થવા લાગ્યું. અને લોકો રીલ જોવાનું વધુ પસંદ કરવા લાગ્યા. સોશ્યલ મીડિયા બનાવનાર તો સમૃદ્ધ થયો. લોકોનું શારીરિક અને માનસિક મોટા પાયે નુકસાન થઇ રહ્યું છે.આ પ્રકારના દર્દી પણ હવે મારી પાસે આવવા લાગ્યા છે.

# વિશ્વ પ્રવાસી યાયાવર પક્ષીઓનું ભારતમાં આગમન....

**■ પક્ષીઓનો કલરવ, મોંસૂઝણું થતા જ આકાશમાં ફ આકારની પંખીઓની ઊડતી લયબદ્ધ કતાર, કાઠિયાવાડ અને કચ્છનાં વગડામાં થતો કુંજારવ શિયાળાના પગરવની આછેરી ઝલક આપે છે. આંગણામાં અવનવા રંગોમાં સજીને આવેલી નાની મોટી ચકલીઓ શિયાળાનાં આગમનનો સંકેત આપે છે. દેશભરનાં જંગલોમાં અવનવા પક્ષીઓને મેં કેમેરામાં કંડાર્યા છે પણ એથી વિશેષ મેં તેમને નિહાળ્યા છે. શિયાળો આવે કે પક્ષી જગતના ભીષ્મ પિતામહ ગણી શકાય એવા ડો. સલીમ અલીને યાદ કરવા ઘટે જ.મારો સહુથી પ્રિય રાષ્ટ્રીય ઉદ્યાન 'કિઓલાદેવ નેશનલ પાર્ક' ભરતપુરને રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાનો સંપૂર્ણ શ્રેય ડો. સલીમ અલીને જાય છે આ ઉપરાંત ગુજરાતના ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં પણ એમનો ખૂબ જ મોટો ફાળો છે. ગુજરાતના પક્ષી જગતને તેમની નજરથી નિહાળ્યા પછી કુદરતનું સર્જન કેટલું અદ્દભુત હોઈ શકે છે તેવા નિષ્કર્ષની લગોલગ તો પહોંચી જ શકાય. ડો. સલીમ અલીએ લખ્યું છે કે 'યેલો થ્રોટેડ સ્પેરો' એમના જીવનનો મુખ્ય ટર્નિંગ પોઇન્ટ હતો અને એટલે જે એમની આત્મકથાનું નામ પણ 'ધી ફોલ ઓફ સ્પેરો' છે જેમાં પંખીઓ વિશેના રસપ્રદ તારણો એમણે લખ્યા છે અને દસ વર્ષની ઉંમરથી તેઓની ડાયરી લખવાની આદતે જ આવી સરસ ભેટ આપણને આપી છે.**



ખૂબ જ નાની ઉંમરે માતાપિતાની છત્રછાયા ગુમાવી દેનાર આ મહાન વ્યક્તિની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા જ એમની બંદૂકથી છૂટેલી ગોળીએ કેળવી હતી. શિકારમાં રસ ધરાવતા ડો.સલીમ અલીની બંદૂકથી 'યેલો થ્રોટેડ સ્પેરો' મરાઈ અને એ પક્ષીની સુંદરતાને જોઈને દુઃખી થયેલા સલીમ અલીએ એ પક્ષીને ઉઠાવી લીધું અને પોતાનાં મામા પાસે પક્ષી વિશેની જિજ્ઞાસા રજૂ કરી જે એમના મામા ના સંતોષી શક્યા અને મુંબઈમાં મ્દ્રઉૐજી સુધી દોડી ગયા અને આપણને પક્ષીઓની દુનિયાના ભીષ્મ પિતામહ એવા ડો. સલીમ અલી મળ્યા. મ્દ્રઉૐજીમાં મૃત પક્ષીઓનાં સંગ્રહાલયમાં માર્ગદર્શક તરીકે નોકરી કરતા કરતા એમની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા તેમને જર્મની સુધી ખેંચી ગઈ.

ત્યાર બાદ તેઓએ પક્ષીઓને નિહાળવામાં ક્યારેક પાછા ફરીને જોયું નથી જેથી તેઓ પક્ષીઓનાં વિશ્વકોષ તરીકે ઓળખાય. પદ્મવિભૂષણ એવા ડો. સલીમ અલીએ એમને મળેલું રૂ.૫ લાખનું આંતરરાષ્ટ્રીય ઈનામ પણ મ્દ્રઉૐજીને સમર્પિત કરી દીધું. તેઓએ પોતાના જીવનના રોચક કિસ્સાઓ અને પક્ષીઓનાં સંસર્ગમાં વિતાવેલા વર્ષોનાં નિચોડને એક પુસ્તક સ્વરૂપે રજૂ કર્યો જે 'ધી ફોલ ઓફ સ્પેરો' નામે પ્રસિદ્ધ થયું.

આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યા છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીનાં એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પાનખર બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું.

મુસાફરીનો મુખ્ય હેતુ જીવનને ટકાવી રાખવાનો જ હોય છે જેમાં અમુક વિસ્તારોનું તાપમાન શિયાળામાં ખૂબ જ ઘટી જાય છે જેથી જીવી શકાય તેવી પરિસ્થિતિ નથી હોતી, એ સિવાય ખોરાક પણ પૂરતો ન મળી રહે જેથી તેઓ ધરતીનાં એવા વિસ્તારોમાં માઈગ્રેશન કરે છે જ્યાં યોગ્ય વાતાવરણ મળી રહે, સુરક્ષિત જીવન જીવી શકે. વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ વિવિધ પ્રકારની મુસાફરી કરે છે.

મોટાભાગના પક્ષીઓ રશિયન અને યુરોપિયન દેશો જેવા વિસ્તારમાં તાપમાન નીચે જતા તેઓ ધરતીનાં દક્ષિણી પ્રદેશો જેવા કે એશિયાઈ દેશો તરફ મુસાફરી આદરે છે તો વળી આર્કટિક ટર્ન પોતાનાં આર્કટિક બ્રીડિંગ ગ્રાઉન્ડથી છેક એન્ટાર્કટિકા સુધી હજારો માઈલ લાંબી મુસાફરી કરે છે. કેટલાક પક્ષીઓ લોકલ માઈગ્રેશન કરે છે જેઓ એક તળાવથી બીજા તળાવ કે એક વિસ્તારથી બીજા વિસ્તાર તરફ મુસાફરી કરે છે. નવરંગ તરીકે ઓળખાતું પક્ષી દક્ષિણ ભારતથી ગુજરાત અને છેક હિમાલયની તળેટીના વિસ્તારો સુધીની મુસાફરી કરે છે.

ફોરેસ્ટ સ્ટર્લિંગ નામનું પક્ષી અરુણાચલ પ્રદેશ એટલે કે દેશનાં પૂર્વીય વિસ્તારમાંથી હિમાલયની તળેટીમાં આવેલા કુમાઉં વિસ્તાર તરફ મુસાફરી કરે છે. કુદરતની અદ્ભુત રચના એવાં પક્ષીઓનાં વર્તનને કળવું ખૂબ જ અઘરું છે. અમુક પક્ષીઓ પેસેજ માઈગ્રેશન કરે છે જેમાં સમજી લો કે નાના વેકેશન પર ન આવ્યા હોય! આફ્રિકન પ્રદેશો, રશિયન અને યુરોપિયન પ્રદેશોમાંથી કચ્છનાં મોટા રણમાં આવેલ છારીઢંઢમાં ટૂંકા સમયગાળા માટે રોકાય છે અને ફરી પોતાની મુસાફરી આદરે છે.

પક્ષીઓનું મુસાફરી પાછળનું વિજ્ઞાન ઘણું જ રસપ્રદ છે, પક્ષીમાં કુદરતે એટલી અદ્ભુત રચના આપી છે કે તેઓ તાપમાનમાં જરાક જેટલો બદલાવ અનુભવશે કે એમનામાં હોર્મોનલ શારીરિક ફેરફારો આવવા લાગશે અને તેઓ માઈગ્રેશનની શરૂઆત કરશે. તેઓનું શરીર તાપમાન ખૂબ જ સારી રીતે નિયમન કરી શકે તેવી ક્ષમતા નથી ધરાવતું હોતું પણ યોગ્ય તાપમાન ને પારખી શકે અને માઈગ્રેશનનાં ચોક્કસ સમયને પારખી શકે તેવું ચોક્કસ હોય છે એટલે જ તેમના માટે માઈગ્રેશન ખૂબ જ જરૂરી પ્રક્રિયા છે.

યોગ્ય માત્રામાં અને યોગ્ય દિશામાં વહેતા પવનનો ઉપયોગ કરીને તેઓ મુસાફરી કરે છે જેથી ઓછામાં ઓછી તાકાત લગાવી તે વધુમાં વધુ અંતર ખૂબ ઓછા સમયમાં કાપી શકે. ઘણા ખરા પક્ષીઓ રાત્રે પણ મુસાફરી શરૂ રાખે છે જ્યારે કઝાકિસ્તાનથી આવતા કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે.

રાત્રિના સમયે મુસાફરી કરતા પક્ષીઓ મોટાભાગે તારાઓ અને નક્ષત્રોનો ઉપયોગ માર્ગદર્શક તરીકે કરે છે જેથી તેઓ વાદળોથી પણ ઉપરનાં વિસ્તારમાં મુસાફરી કરતા હોય છે. ગાર્ગને એટલે કે ચેતવા નામનું પક્ષી ૪૦ દિવસ સુધી ખોરાક પાણી વિના સતત ઉડતું રહે છે. બાર ટેઈલ્ડ ગોડવિટ એટલે કે પટાપૂછ ગડેરા સતત ૧૪૦૦૦ કિમી સુધી ન્યુઝીલેન્ડ સુધીની નોનસ્ટોપ ઉડાન ભરીને મુસાફરી કરે છે. પક્ષીઓની શારીરિક રચના એટલી વિશિષ્ટ હોય છે કે તેઓનાં હાડકાં પણ હવાને જાળવી રાખવામાં મદદ કરે છે પરિણામે વજનમાં તેઓ ખૂબ જ હલકા હોય છે અને સરળતાથી ઉડી શકે.

ગમે તેવા ઠંડા તાપમાનમાં પોતાના શરીરની ગરમી ટકાવી રાખવા માટે પીંછાની નીચેનાં ભાગમાં વિશિષ્ટ પ્રકારનાં મુલાયમ વાળ હોય છે જેથી તેઓ ખૂબ નીચા તાપમાન સામે સંઘર્ષ કરી શકે. રાજહંસ તરીકે ઓળખાતાં પક્ષીઓ હિમાલયના ઉત્તુંગ પહાડોને ઓળંગીને વિશ્વની સહુથી ઊંચી ઉડાન ભરીને ભારત અને ગુજરાતનાં વિવિધ જળ પ્લવિત ક્ષેત્રો તરફ આવે છે એ જ રીતે ભગવી સુરખાબ પણ હિમાલયનાં સરોવરોમાંથી ગુજરાત અને પશ્ચિમ બંગાળના વિવિધ વિસ્તારોમાં મુસાફરી કરે છે.

પક્ષીઓ સદીઓથી આ સૃષ્ટિ પર રાજ કરતા હોવા છતાં તેઓએ ક્યારેય કોઈ જ વિસ્તાર પર આધિપત્ય જમાવ્યું નથી કે અતિક્રમણ કર્યું નથી. સમૃદ્ધ દેખાવાની હોડમાં બનાવાયેલા આધુનિક ગગનચુંબી ઈમારતોનાં કાચની પેનલ મોટાભાગનાં યાયાવર પક્ષીઓને દિશાભ્રમ કરાવીને જીવનું જોખમ સર્જે છે. ગુજરાતથી રાજસ્થાનનાં વિસ્તારમાં આવેલ પવનચક્કીઓ આવા પક્ષીઓનાં માથે તોળાતો સહુથી મોટો ખતરો છે જેને આપણે આપણા ગૌરવ સમા પક્ષી એવા ઘોરાડનું અસ્તિત્વનાં સંઘર્ષમાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ.

નજીકના જ ભવિષ્યમાં ગુજરાતની શાન એવા ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ એટલે કે ઘોરાડ માટે અને બંગાળ ફ્લોરિકન માટે પણ ભારતમાં નામશેષ શબ્દ લાગી જાય તો નવાઈ નહિ. માનવીની પર્યાવરણમાં દખલ કેટલો મોટો બદલાવ લાવી શકે એનું વરવું ઉદાહરણ સાઈબેરિયન ક્રેન કહી શકાય. વિશ્વપ્રસિદ્ધ અને નામશેષ થવાને આરે આવી ગયેલ સાઈબેરિયન ક્રેન એક સમયે ભારતભરમાં ખાલી અહીયા જોવા મળતા હતા. આ જગ્યાને પ્રકૃતિએ ખુલીને રંગો ભર્યા છે અને પક્ષીઓના વિહાર માટે ખૂબ જ સુંદર પ્રાકૃતિક વાતાવરણ પૂરું પાડ્યું અને વિશ્વભરના પક્ષીઓએ અહીં પોતાનું ઘર શોધી લીધું.

માણસ આવતા પહેલાં વર્ષોથી ભારતમાં આ જગ્યા સાઈબેરિયન ક્રેનનું ઘર હતી. ૧૭મી સદીના ઐતિહાસિક ચિત્રકાર ઉસ્તાદ મન્સુર એ વખતે જૂના એક ચિત્રમાં સાઈબેરિયન ક્રેનને અહીં મહાલતા દર્શાવ્યા હતા. ૧૯૬૪-૬૫ના વર્ષ દરમ્યાન આશરે ૨૦૦ જેટલા સાઈબેરિયન ક્રેન અહીંયા જોવા મળ્યા હતા એવું લોરેન્સ એચ. વોકિંશોએ પોતાની બુક 'ક્રેન્સ ઓફ ધ વર્લ્ડ – ૧૯૭૩'માં નોંધેલું જે સહુથી મોટી સંખ્યા કહી શકાય. ૯ નવેમ્બર ૨૦૦૧ની સવારે ૮-૩૦ આસપાસ કેટલાક નેચર ગાઈડને સાઈબેરિયન ક્રેનનો કોલ સંભળાયો.

પાર્કમાં સાઈબેરિયન ક્રેનની હાજરી ન હોઈ આશ્ર્ચર્યમાં ગરકાવ સહુ કોઈએ આકાશ તરફ મીટ માંડી અને એક સાઈબેરિયન ક્રેનની જોડી પાર્ક તરફ આવતા નજરે ચઢી એ દિવસે સહુ કોઈના મોઢે હર્ષની લાગણી હતી કે ભરતપુરમાં સાઈબેરિયન ક્રેન આવી ગયા, પણ આ છેલ્લી સાઈબિરિયન ક્રેનની એક જોડી એ ભારતને હંમેશાં માટે અલવિદા કહી દીધું અને તેઓ ભારતમાંથી નામશેષ થઇ ગયા. ૨૦૦૧ પછી આજ સુધી ભારત દેશે સાઈબેરિયન ક્રેન ક્યારેય જોયા નથી અને ભવિષ્યમાં ક્યારેય તેઓ ભારત આવશે પણ નહિ.

આજે સમગ્ર વિશ્વમાં વિનાશના આરે આવીને ઉભેલા સાઈબેરિયન ક્રેન માત્ર બે જ સ્થળે જોવા મળે છે જેમાં એક પૂર્વીય(સાઇબિરિયાથી ચાઈના) વિસ્તાર અને પશ્ર્ચિમી વિસ્તાર, પૂર્વીય વિસ્તારના ક્રેન્સ ઉત્તર-પૂર્વીય સાઇબિરિયામાં બ્રિડિંગ કરે છે અને ચાઇનાની યાન્ગ જે નદીમાં શિયાળો પસાર કરે છે. સાઇબેરિયા પશ્ર્ચિમ વિસ્તારના જૂજ રહેલા ક્રેન્સ ઈરાનના કાસ્પિયન સમુદ્ર કિનારા વિસ્તારોમાં શિયાળો વિતાવે છે અને રશિયાની ઓબ નદીના દક્ષિણમાં આવેલા ઉરલ માઉન્ટેન વિસ્તારમાં બ્રિડિંગ કરે છે.

મધ્ય સાઈબેરિયામાં બ્રિડિંગ કરતી અને ભારતમાં શિયાળો ગાળવા માટે આવતી ક્રેન્સની વસ્તી આજે લુપ્ત થઈ ગઈ છે. આ સાઈબેરીયન ક્રેનનો સમૂહ લુપ્ત થવાનું કારણ પણ માણસ છે. તેને માઈગ્રેશન રૂટ સાઇબિરિયાથી નીકળી રશિયા, કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, અફઘાનિસ્તાન અને છેલ્લે પાકિસ્તાન થઈને ભારત આવતો હતો. તે અફઘાનિસ્તાનમાં અબી -ઈ-ઈસ્તદા લેક પર થોડા દિવસો માટે આરામ કરવા માટે રોકાતા હતા અને દર વર્ષે તેઓ અહીં શિકારનો ભોગ બનતા હતા પરિણામે વર્ષોવર્ષ એમની સંખ્યામાં ઘટાડો થતો ગયો અને છેલ્લે તેઓ આ રૂટ પર આવતા કાયમ માટે બંધ થઈ ગયા અથવા તો તેનું અસ્તિત્વ જ ના રહ્યું.ભારત દેશમાંથી ૨૦૨૫માં ૮ નવી અલગ અલગ સાઇટ્સને રામસર સાઇટ્સમાં સમાવવામાં આવી. રામસર એટલે ઈરાનમાં આવેલ એક વિશાળ કુદરતી સરોવર. ૧૯૭૧માં યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં આવેલા કુદરતી સરોવર કે જે પક્ષીઓ અને અન્ય છીછરા પાણી પર આધાર રાખનાર જીવસૃષ્ટિ માટે ઈરાનમાં આવેલા રામસર સાઈટ ના માપદંડ અનુસાર ચોક્કસ ધોરણો નક્કી કરવામાં આવ્યા અને એની જાળવણી માટે વિશેષ નિયમો બનાવવામાં આવ્યા જે રામસર સાઈટ તરીકે ઓળખાશે ઓળખવામાં આવશે. ભારત દેશમાં ઓક્ટોબર ૨૦૨૫ સુધી કુલ ૯૩ જેટલી રામસર સાઈટ આવેલી છે અને એની જાળવણી યુનેસ્કોની દેખરેખ હેઠળ જે તે રાજ્યના વન વિભાગ દ્વારા કરવામાં આવે છે.

# ‘ધ ફેમિલી મેન ૩’થી લઇને ‘ગુલ્લક’ લોકપ્રિય સિરીઝનો સમય ફરી આવ્યો

## બિંજ વોચર્સ માટે આ વર્ષે મજબુત વાર્તા, જાણીતા પાત્રો અને મનોરંજનનો ખજાનો

‘ફેમિલી મેન ૩’ આવવાની છે, તેની ચર્ચા તો જોર-શોરથી ચાલી રહી છે આ સિવાય પણ ‘ગુલ્લક’ સહિત એવી અન્ય પણ લોકપ્રિય વેબ સિરીઝ છે, આ વર્ષમાં દર્શકો માટે પકડી રાખે તેવી વાર્તાઓ, જાણીતા પાત્રો અને મનોરંજનનો ખજાનો લઈને પાછી ફરી રહી છે. જેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે, એવી ઘણી વેબ સિરીઝ આ વર્ષે તમારા સ્ક્રીમ પર ફરી એક પ્રકરણ સાથે પાછી ફરશે.

દિલ્હી ક્રાઈમ સીઝન ૩

શેફાલી શાહ ફરી એક વખત પોતાના મેડમ સરના થ્રિલિંગ પાત્રમાં પાછી ફરી રહી છે, તે ફરી એક વખત એક મોટા કેસની તપાસમાં જોડાશે. આ સીઝનમાં ડીએસપી વર્તિકા અને તેમની ટીમ બડી દીદી એટલે કે હુમા કુરેશીની શોધમાં નીકળશે. જે મોટા પાયાના માનવ તસ્કરીના કૌભાંડમાં જોડાયેલી છે. આ સીઝન ૧૩ નવેમ્બરથી નેટફ્લિક્સ પર આવશે.

ધ ફેમિલી મેન સીઝન ૩

શ્રીકાંત તિવારી ફરી એક વખત પ્રિયા મણી સાથે ‘ધ ફેમિલી મેન ૩’માં જોવા મળશે. આ સીઝનના લાંબા સમયથી રાહ જોવાતી હતી. ૨૧ નવેમ્બરે એમેઝોન પ્રાઈમ પર આવનારી આ સીઝનમાં શ્રીકાંત પરિવાર સાથે સ્પાય તરીકે અનેક જીવ જોખમમાં મુકતો ટ્રેલરમાં જોવા મળે છે. ટ્રેલરમાં જણાવ્યા અનુસાર તેની દિકરી કોલેજમાં આવી ગઈ છે, દિકરો બેલે શીખી રહ્યો છે અને શ્રીકાંત આ વખતે નોર્થ ઈસ્ટમાં મિશન પર જયદીપ આહલાવતનો સામનો કરશે.

ગુલ્લક ૫

આ સિરીઝ સોની લિવની સૌથી વધુ લોકપ્રિય ફેમિલી સિરીઝમાંની એક છે. હવે તેની પાંચમી સીઝન આવી રહી છે, જે ૨૦૨૬ની શરૂઆતમાં જોવા મળશે. આ સીઝનના ટ્રેલર પરથી અંદાજ આવે છે કે હવે પરિવારનો મોટો દિકરો સંતોષ જૂના અને ઝીર્ણ ઘરને વેંચીને એક ફ્લેટમાં રહેવા જવાનું નક્કી કરે છે. તેનાથી પરિવારના સમીકરણોમાં પરિવર્તન આવે છે. આ સિરીઝના જમીલ ખાન, ગિંતાજલી કુરકર્ણી અને હર્ષ માયર સહીતના કલાકારો ફરી જોવા મળશે, જોકે વૈભવ રાજ ગુપ્તાએ સિરીઝ છોડી દીધી છે, તેના બદલે નવો કલાકાર જોવા મળશે.

પંચાયત સીઝન ૫

પંચાયત એ એમેઝોન પ્રાઈમની સૌથી લોકપ્રિય વેબ સિરીઝમાંની એક છે. ફુલેરા ગામમાં ચૂંટણી પછી આ સીઝનમાં વધુ ડ્રામા જોવા મળશે. સાથે જ આ સીઝનમાં જિતેન્દ્ર કુમારની લવસ્ટોરી પણ આગળ વધશે એવી તેના ફેન્સને આશા છે. સાથે જ નીના ગુપ્તા, રઘુબીર યાદવ સહીતના કલાકારોના પાત્રો પણ હવે શું પ્રગતિ કરે છે, તે જોવાનું છે, જોકે આ સીઝન આ વર્ષના અંત સુધીમાં આવી શકે છે.

મિર્ઝાપુર


એમેઝોન પ્રાઈમ પર એક પછી એક ટ્રેન્ડિંગ સીઝન આપ્યા પછી આ સિરીઝ હવે ફિલ્મ તરીકે આવી રહી છે. હાલ તેનું શૂટિંગ અંતિમ તબક્કામાં છે. જેમાં સિરીઝના લોકપ્રિય પાત્રો પંકજ ત્રિપાઠી એટલે કે કાલીન ભૈયા, ગુડ્ડુ પંડિત એટલે કે અલી ફઝલ, ગોલુ ગુપ્તા એટલે કે શ્વેતા ત્રિપાઠી હવે નવી વાર્તા સાથે ફિલ્મમાં જોવા મળશે. જોકે, આ વખતે ફિલ્મમાં વિક્રાંત મેસ્સીના પાત્રમાં જિતેન્દ્ર કુમાર જોવા મળશે, એવી ચર્ચા છે.













# બોલિવૂડમાં કોઈ કોઈને મદદ કરતું નથી : અર્શદ વારસી

### સંતાનો એક્ટર બને તો, અર્શદ વારસી તેમના નામ ડિરેક્ટરને સૂચવશે નહી



અર્શદ વારસીએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં એક્ટર્સના કલાકારો ઈન્ડસ્ટ્રીમાં આવે ત્યારે તેમનામાં સંઘર્ષ અને અનુભવનો અભાવ હોવાની વાત કરી છે. ઈન્ડસ્ટ્રીમાં નેપોટીઝમ અંગે વારંવાર ચર્ચાઓ થતી રહે છે. ત્યારે અર્શદ વારસીએ કહ્યું છે કે બોલિવૂડમાં કોઈ કોઈનું નથી.

પોતાના બાળકો પણ એક્ટર્સ બનવા માગે છે, તે અંગે ઈન્ટરવ્યુમાં કહ્યું, “હા, મારો દિકરો અને દિકરી બંને એક્ટિંગ કરવા માગે છે. મારો દિકરો હાલ સિદ્ધાર્થ આનંદને આસિસ્ટ કરે છે, આ પહેલાં તે રાજુ હિરાનીને આસિસ્ટ કરી ચુક્યો છે. હા, હું બિલકુલ ડરું છું કે આજે આ કામ અઘરું થઈ ગયું છે. એક્ટિંગ હવે સરળ કામ રહ્યું નથી કારણ કે સફળતાનો દર ઘણો ઓછો છે. ૧૫૦ કરોડમાંથી જૂજ લોકો એક્ટર બની શકે છે.”

પોતાના બાળકોના નામ ડિરેક્ટર્સને સુચવીને તે તેમનું કામ સરળ કરી શકે છે, આ અંગે અર્શદે કહ્યું, “એહી કોઈ કોઈને મદદ કરી શકતું નથી- તમારે જાતે જ તમારો રસ્તો બનાવવો પડે છે. હું કોઈ ડિરેક્ટરને ફોન કરીને મારા બાળકોમાં સેંકડો કરોડ રોકવા ન કહી શકું. મારા દિકરા પર કોઈ સટ્ટો કેમ રમે? કોઈ ફિલ્મમેકરને એક સામાન્ય ફોન કરું તો પણ એનો અર્થ એ જ થયો કે હું તેમની પાસેથી તેઓ પોતાની ફિલ્મ માટે મારા બાળકોને મળે એવી અપેક્ષા રાખું છું, જે હું કરીશ નહી. કોઈ એવું કેમ કરશે? હું એમને એવું કહેવાનું કરું અને કોઈ ફિલ્મ મેકર એવું કેમ કરે? હું કોઈને મારા બાળકોના નામ કેમ સૂચવું?”

અર્શદનો દિકરો ઝેકી ૨૧ વર્ષનો છે અને કેટલાંક વર્ષોથી આસિસ્ટ કરી રહ્યો છે. તેની દિકરી ઝોઈ ૧૮ વર્ષની છે અને તે હજુ ભણે છે. અર્શદ કહે છે, બંનેને એક્ટિંગ કરવી છે.

# એક સ્ત્રીનું શરીર હંમેશા બદલાતું રહે છે:તમન્ના

### તમન્નાએ દેખાવની ટીકા કરનારાઓની ઝાટકણી કાઢી



છેલ્લાં ઘણા સમયથી તમન્ના ભાટીયાના અલગ અલગ ફિલ્મમાં આઈટમ સોંગ આવતા રહ્યા છે. છેલ્લે આર્યન ખાનની સિરીઝ ‘બૅડ્ઝ ઓફ બોલિવૂડ’માં આવેલું તમન્નાનું ગીત ‘ગફૂર’ ચર્ચામાં છે. કેટલાંક લોકોએ આ ગીતમાં તેના શરીરમાં આવેલા પરિવર્તન વિશે ચર્ચા શરૂ કરી છે. તો કેટલાંક લોકોએ તમન્નાના આ દેખાવ માટે તેના ઓઝેમ્પિકના ઈન્જેક્શન્સને કારણ ગણાવ્યા છે. તો કેટલાંક લોકોએ તેના આ સુડોળ શરીર અને આત્મવિશ્વાસ માટે તેના વખાણ પણ કર્યાં છે. તો તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તમન્નાને તેના શરીર બાબતની ચર્ચાઓ અને ગ્લોબલ બ્યૂટી સ્ટેન્ડર્ડ્ઝને અનુસરવા પોતાનું શરીર ઘટાડવા અંગે પ્રશ્ન પૂછાયો હતો.

તમન્નાએ એકથી વધુ ઈન્ટર્વ્યુમાં કહ્યું છે કે તેણે નાની ઉંમરે કામ કરવાનું શરૂ કરી દીધું હતું અને તે કેમેરા સામે જ મોટી થઈ છે. ૨૦ની ઉંમરે તો તે એક સફલ એક્ટ્રેસ બની ગઈ હતી. ત્યારે આ પ્રશ્નના જવાબમાં તમન્નાએ કહ્યું, “હું ૧૫ વર્ષની હતી, ત્યારથી હું કેમેરા સામે કામ કરી રહી છું, તો છુપાવવા માટે કશું જ નથી. હું ૩૦ વર્ષની ઉંમર પહેલા સુધી સાવ સૂકલકડી હતી. મારા શરીરનો બાંધો જ એવો છે. હાલ હું જે શરીરમાં છું તે મારા માટે નવું નથી. હું આવી જ રીતે મોટી થઈ છું અને હું આવી જ રહી છું.”

કદાચ હિન્દી ફિલ્મના દર્શકો તેના શરીરને અલગ દૃષ્ટિએ જુએ છે, પરંતુ તેના માટે આ બંધો નવો નથી. તમન્નાએ કહ્યું, “હિન્દી બેલ્ટના ઓડિયન્સ માટે આ વાત નવી હોઈ શકે, પરંતુ લોકોએ મારું કામ ઘણી અલગ ફિલ્મમાં જોયું છે અને ઘણાં અલગ બોડીમાં જોયું છે, પરંતુ હું હંમેશા પાતળી જ રહી છું. પરંતુ લોકોએ એ સમજવાનું છે કે એક મહિલાનું શરીર હંમેશા બદલાતું રહે છે ને દર પાંચ વર્ષે આપણને આપણી જાતનું અલગ સ્વરૂપ જોવા મળે છે.”

આત્મવિશ્વાસ સાથે કેમેરાનો સામનો કરવા અંગે તમન્નાએ કહ્યું, “આ બધી હેલ્ધી બાબતો કરતાં, મારે કેમેરાનો સામનો પણ કરવાનો હતો અને તો મેં એવું વિચારવાનું શરૂ કરી દીધું કે મારે અમુક પ્રકારના શરીર માટે ક્ષોભ અનુભવવો નથી, તેથી હું સતત તેમાં સુધારો કરતી રહું છું. મને લાગે છે, “ઓહ મારું પેટ તો બહાર નથી દેખાતું ને?” કારણ કે એક તબક્કે મારું પેટ બહાર આવતું પણ નહોતું, છતાં મને લાગતું હતું કે આવું થઈ રહ્યું છે.” તમન્નાએ તેના ઓઝેમ્પિક અંગે કહ્યું, “ઈન્ફ્લેમેશન પણ થઈ શકે છે. દરેક મહિલા જે સાઈકલમાંથી પસાર થતી હોય, તેને અનુભવાય છે કે તેનાં શરીરમાં ફેરફાર થઈ રહ્યાં છે. મારી ૩૦ની શરૂઆતમાં મેં પણ આ અનુભવ્યું છે તેથી મારું શરીર ક્યાંય જવાનું નથી કારણ કે હું સિંધી છું. આ કમર અને આ બાંધો ક્યાંય જવાનો નથી એ મારા શરીરનો બાંધો છે. તમે મને ગ્લોબલ બ્યૂટી સ્ટાન્ડર્ડ્ઝ અનુસરતી ક્યારેય જોશો નહીં. કારણ કે ઈન્ડિયન બાંધો તો વિદેશોમાં લોકોને ગમે છે અને હવે સમય પાકી ગયો છે કે આપણે પણ એની મજા લેતાં થઈએ.”

# ‘રણબીરે ફિલ્મમાં ડેબ્યુ કર્યું ત્યારે જ વાળ ખરવાની શરૂઆત થયેલી હતી’

તાજેતરમાં એક સેલેબ્રિટી ડર્મેટોલોજિસ્ટ અને હેર ટ્રાન્સપ્લાન્ટ એક્સપર્ટ ડૉ. ગૌરાંગ ક્રિશ્ના તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં હાજર રહ્યા હતા, જેમાં તેમણે બોલિવૂડના સ્ટાર એક્ટર્સના હેર ટ્રાન્સપ્લાન્ટ વિશે કેટલાક ખુલાસા કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સલમાન ખાને કેટલા ટ્રન્સપ્લાન્ટના ઓપરેશન કરાવ્યા અને રણબીર કપૂરનું ટ્રન્સપ્લાન્ટ કેવું છે.

રણબીર કપૂરના ટ્રાન્સપ્લાન્ટ વિશે ડૉ. ક્રિશ્નાએ કહ્યું કે રણબીરે તો ૨૦૦૭માં ફિલ્મમાં ડેબ્યુ કર્યું ત્યારે જ તેના વાળ ખરવાના શરૂ થઈ ગયા હતા. તેમણે જણાવ્યું, “રણબીર કપૂરે એકથી વધુ હેરટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા છે. પહેલાં બે ખાસ સારા લાગતાં નહોતાં. એ બહુ જ નકલી દેખાતા હતા. પરંતુ હવે તેનો દેખાવ થોડો સારો થયો છે અને જોવામાં પણ ઘણું સારું લાગે છે.”

જ્યારે સલમાન ખાનના ટ્રાન્સપ્લાન્ટ વિશે તેમણે જણાવ્યું કે તેણે આ વર્ષોમાં કેટલીક પ્રોસીજર કરાવી છે. તેમણે જણાવ્યું, “મેં લોકો સાથે વ્યકિતગત રીતે વાત કરીને કેટલીક માહિતી મેળવી છે. સલમાન ખાને લગભગ ૫-૬ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા છે. તેમાંથી મોટા ભાગના દુબઈમાં જ થયાં છે, તેમાંથી છેલ્લા બે જ ભારતમાં થયાં છે.” આગળ તેમણે જણાવ્યું કે મોટા ભાગના સેલેબ્રિટી અને સામાન્ય લોકોને પણ એકથી વધુ ટ્રાન્સ્પ્લાન્ટ કેમ કરાવવા પડે છે. તેમણે જણાવ્યું, “વાળ ખરવા એ સતત વધતી પ્રક્રિયા છે. હેર ટ્રાન્સપ્લાન્ટ ટાલ પડે એટલા માટે કરાવવું પડે છે, વાળ ખરે છે એટલે નહી. તેથી જ્યારે નવા ભાગમાં વાળ ખરવા લાગે છે, ત્યારે તેમાં ફરી સારવાર કરાવવી પડે છે. કેટલાંક લોકોને ખરાબ અથવા નબળા પરિણામ પણ મળી શકે છે.”



પરંતુ તેમને લાગે છે કે સલમાન ખાનનું ટ્રાન્સ્પ્લાન્ટ બહુ સારુ નથી. તેઓ કહે છે, “હું સલમાનના વાળને ૧૦માંથી ૭.૫ રેટિંગ આપીશ, હું ૧૦ નહી આપું કારણ કે એણે વારંવાર સર્જરી કરાવી અને એ પણ એક જ જગ્યાએ, તો તેની હેરલાઈન થોડી વધુ સારી હોવી જોઈતી હતી. પરંતુ સામાન્ય રીતે એનો લૂક સારો દેખાય છે.” જ્યારે શાહરુખના કુદરતી વાળના વખાણ કરતા ડૉ.ક્રિશ્નાએ કહ્યું, “શાહરુખ ખાન મારો ફેવરીટ છે. મને એનું બધું જ ગમે છે. એ બિલકુલ કુદરતી છે. તેને કુદરતી રીતે જ સારા વાળ મળ્યા છે. મેં એને ૭૧મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં મારી નજર સામે જોયો છે. અદ્દભુત, સુંદર.”

# હી-મેન હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ, ઘરમાં જ થશે સારવાર

### પરિવાર ઈચ્છે છે કે અભિનેતાની સારવાર ઘરે જ થાય: ડોક્ટર

દેશભરના લોકો ધર્મેન્દ્રના સ્વાસ્થ્યને લઈને ચિંતિત હતા. પરંતુ હવે રાહતના સમાચાર આવ્યા છે. ધર્મેન્દ્રને બુધવારે સવારે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ડોક્ટરોની ટીમ હવે તેમની ઘરે સારવાર કરશે. ડૉ. પ્રતીત સમદાનીએ જણાવ્યું હતું કે, "ધર્મેન્દ્રજીને આજે સવારે ૭:૩૦ વાગ્યે રજા આપવામાં આવી હતી. હવે તેમની ઘરે જ સારવાર કરવામાં આવશે, કારણ કે પરિવાર ઈચ્છે છે કે અભિનેતાની સારવાર ઘરે જ થાય."

આ પહેલા દેઓલ પરિવાર સતત ધર્મેન્દ્રને મળવા હોસ્પિટલમાં પહોંચી રહ્યા હતા. આજે સવારે બોબી દેઓલ તેના પિતાને મળ્યા પછી હોસ્પિટલની બહાર નીકળતો જોવા મળ્યો હતો. તે ખૂબ જ અપસેટ દેખાતો હતો અને તેના ચહેરા પર નિરાશા હતી.



પરિવાર દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં મીડિયા અને જનતાને તેમની ગોપનીયતાનો આદર કરવાની અપીલ કરવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ધર્મેન્દ્રજીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને હવે તેઓ ઘરે જ તેમની રિકવરી ચાલુ રાખશે. અમે મીડિયા અને જનતાને વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને અફવાઓ કે અટકળો ફેલાવવાનું ટાળો અને આ સમયે તેમના અને તેમના પરિવારના અંગત જીવનનો આદર કરો. અમે તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે દરેકના પ્રેમ, પ્રાર્થના અને શુભેચ્છાઓ માટે આભારી છીએ. કૃપા કરીને તેમનો આદર કરો, કારણ કે તેઓ તમને બધાને ખૂબ પ્રેમ કરે છે." આ નિવેદન ધર્મેન્દ્રના પુત્ર સની દેઓલની ટીમ દ્વારા જારી કરવામાં આવ્યું હતું.





# સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટમાં રિશભ પંત અને જુરેલ બંને રમશે

## કોલકાતા ટેસ્ટ માટે નિતિશકુમાર રેડ્ડીને સ્થાને ભારતીય ટીમમાં ધ્રુવ જુરેલનો સમાવેશ કરાયો

**કોલકાતા, તા. ૧૩**

પ્રવાસી સાઉથ આફ્રિકા સામેની ૧૪મી નવેમ્બરથી શરૂ થઈ રહેલી બે ટેસ્ટની સિરીઝ માટેની ભારતીય ક્રિકેટ ટીમમાં નિતિશકુમાર રેડ્ડીને સ્થાને બુધવારે વિકેટકીપર ધ્રુવ જુરેલનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેમ ભારતીય ટીમના આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોસ્કાથેએ જાહેર કર્યું હતું. આમ પહેલી ટેસ્ટમાં ભારત તેના બે વિકેટકીપર રિશભ પંત અને ધ્રુવ જુરેલ બંનેને તક આપશે. જોકે જુરેલ એક બેટર તરીકે રમશે.

૨૪ વર્ષીય ધ્રુવ જુરેલ ભારત માટે અત્યાર સુધીમાં સાત ટેસ્ટ રમ્યો છે અને તેણે પોતાની છેલ્લી પાં ફર્સ્ટ ક્લાસ મેચમાં ચાર સદી ફટકારી છે જેમાં બેંગલોર ખાતે પ્રવાસી સાઉથ આફ્રિકા-એ ટીમ સામે એક મેચમાં બે સદીનો સમાવેશ થાય છે.

ભારતીય ટીમમાં પ્રથમ પસંદગીનો વિકેટકીપર રિશભ પંત ઈજામાંથી સ્વસ્થ થઈને પરત ફર્યો છે ત્યારે એવો સવાલ પેદા થયો છે કે ટીમ મેનેજમેન્ટ કોલકાતા ટેસ્ટમાં જુરેલ માટે જગ્યા કરી શકશે કે નહીં. રિશભ પંત ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ દરમિયાન ઘાયલ થયો હતો. તેના પગે ફ્રેક્ચર થયું હતું અને આગળ રમી શક્યો ન હતો. તે વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણાની બે ટેસ્ટ પણ ગુમાવી ચૂક્યો હતો જેમાં જુરેલે સદી ફટકારી હતી.

જોકે બંને સાથે રમશે કે નહી તે અંગે રાયન ટેનડોસ્કાથેએ સ્પષ્ટતા કરી હતી કે શુક્રવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે શરૂ થયેલી ટેસ્ટમાં અમે બંનેને સાથે રમાડવાનું વિચારી રહ્યા છીએ. મને નથી લાગતું કે આ ટેસ્ટમાંથી એકેયને બહાર રાખી શકાય. આમ અમે બંનેને અંતિમ ઈલેવનમાં સ્થાન આપીશું.

તેણે ઉમેર્યું હતું કે ધ્રુવ જુરેલ અને રિશભ પંતને તમે સાથે રમતા જોઈ નહીં શકો તો તે મારા માટે આશ્ચર્ય હશે.

લગભગ દોઢ વર્ષથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રમી રહેલા ધ્રુવ જુરેલે તેના અનુભવ કરતાં વધારે પરિપક્વતા દાખવી છે અને શાનદાર પ્રદર્શન કર્યું છે. તેમાંય સપ્ટેમ્બર ૨૦૨૫ બાદ તેનું ફોર્મ અસામાન્ય રહ્યું છે. આ દરમિયાન તેણે પાંચ મેચમાં ૧૪૦, ૫૬, ૨૩૬, ૪૪, અણનમ ૧૩૨ અને અણનમ ૧૨૭ રનની ઈનિંગ્સ રમી છે જેમાં સાઉથ આફ્રિકા-એ તથા રણજી ટ્રોફીની મેચનો સમાવેશ થાય છે.

હાલના તબક્કે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેની સરેરાશ ૪૭.૩૪થી વધીને ૫૮.૦૦ની થઈ ગઈ છે. આમ આ પ્રદર્શન બાદ તેને નજરઅંદાજ કરવો લગભગ અશક્ય બની ગયું છે.

ટીમના આસિસ્ટન્ટ કોચે ઉમેર્યું હતું કે જે રીતે છેલ્લા છ મહિનામાં જુરેલ રમી રહ્યો છે અને ખાસ કરીને આ સપ્તાહે બેંગલોર ખાતે તેણે બંને ઈનિંગ્સમાં સદી ફટકારી છે તે જોતાં કોલકાતા ખાતેની ટેસ્ટમાં તે રમશે તે નિશ્ચિત છે.

અગાઉથી જ એવી અટકળ થતી હતી કે સાઉથ આફ્રિકા સામેની કોલકાતા ખાતેની ટેસ્ટમાં ધ્રુવ જુરેલ માત્ર બેટર તરીકે ટીમમાં આવી શકે છે જ્યારે રિશભ પંત વિકેટકીપર તરીકે રમશે. આ અંગે ટેન ડોસ્કાથેએ સમર્થન આપ્યું હતું કે જુરેલને ટીમમાં સ્થાન મળે તે માટે નિતિશકુમાર રેડ્ડી જગ્યા કરી આપશે.

નિતિશકુમાર રેડ્ડીની બાદબાકી અંગે નેધરલેન્ડ્સના ભૂતપૂર્વ ક્રિકેટરે જણાવ્યું હતું કે વેસ્ટ ઈન્ડિઝ સામેની બંને ટેસ્ટમાં તે રમ્યો હતો. હવે અમે તેને ભવિષ્ય માટે તૈયાર કરી રહ્યા છીએ. ભારત અને પ્રવાસી સાઉથ આફ્રિકા વચ્ચેની બે ટેસ્ટની સિરીઝની પ્રથમ ટેસ્ટ ૧૪મી નવેમ્બરે કોલકાતા ખાતે રમાશે અને ત્યાર બાદ ગુવાહાટી ખાતે ૨૨મી નવેમ્બરથી બીજી ટેસ્ટનો પ્રારંભ થશે.



# ગંભીરના બચાવમાં ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન બિસ્લા બહાર આવ્યા

### કહે છે કે રાણાએ પોતાની પ્રતિભા અને પ્રદર્શનને કારણે ટીમમાં સ્થાન મેળવ્યું

નવી દિલ્હી , ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર પર યુવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાની તરફેણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ભૂતપૂર્વ કેપ્ટન કૃષ્ણમાચારી શ્રીકાંત અને અન્ય ઘણા અનુભવી ખેલાડીઓએ દલીલ કરી છે કે ગંભીરના કારણે રાણાને ટીમમાં સ્થાન મળી રહ્યું છે, જ્યારે સારા બોલરોને ટીમમાંથી બાકાત રાખવામાં આવે છે. આ અંગે, ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન મનવિંદર બિસ્લા હવે ગંભીરના બચાવમાં સામે આવ્યા છે. બિસ્લાએ જણાવ્યું હતું કે ટીમમાં રાણાનું સ્થાન તેના શ્રેષ્ઠ પ્રદર્શનને કારણે છે અને તેમાં ગંભીરની કોઈ ભૂમિકા નથી. ઘણા લોકો માને છે કે ગંભીર યુવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાને ટેકો આપે છે કારણ કે તે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સાથે સેવા આપી હતી, જ્યાં ગંભીર કોચ હતો. આ જ કારણ છે કે રાણાએ ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર સ્થાન મેળવ્યું હતું. KKRના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન બિસ્લાએ પક્ષપાતના આરોપોને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા અને કહ્યું કે આવા દાવા પાયાવિહોણા છે.

બિસ્લાએ કહ્યું, "જે લોકો રાણાનો વિરોધ કરી રહ્યા છે તેઓ KKRના ચાહકો ન હોવા જોઈએ. હું આ પ્રમાણિકપણે કહી રહ્યો છું. બધા એવું કહી રહ્યા છે કે ગંભીર હર્ષિતને ટેકો આપી રહ્યો છે કારણ કે તે KKR સાથે હતો. તેમની વચ્ચે કોઈ સંબંધ નથી. તેથી આવી વાતો ન કહેવા જોઈએ."

બિસ્લાએ ૨૦૧૨ માં KKR ની ટાઈટલ જીત દરમિયાન ગંભીર સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો હતો. તે કહે છે કે ગંભીર હંમેશા નિકટતા કરતાં પ્રદર્શનને મહત્વ આપે છે. તેણે ટીકાકારોને યાદ અપાવ્યું કે રાણાનું સ્થાન તેની યોગ્યતા અને પ્રદર્શન પર આધારિત હતું.

ઓસ્ટ્રેલિયા સામેની ODI શ્રેણીમાં રાણાનું પ્રદર્શન મજબૂત હતું. તેણે બીજી ૨૦ માં ૩૩ બોલમાં ૩૫ રન બનાવીને તેની બેટિંગ કુશળતા પણ દર્શાવી. વધુમાં, સિડનીમાં ત્રીજી ODI માં રાણાની શાનદાર ચાર વિકેટે ભારતને જીત અપાવી.



# પાકિસ્તાની ક્રિકેટર નસીમ શાહના નિવાસે ગોળીબારની ઘટના

**કરાચી, તા. ૧૩**

પાકિસ્તાનના ક્રિકેટર નસીમ શાહના પૈતૃક ઘરમાં થયેલી ગોળીબારની ઘટનાને મિલકતના સંભવિત વિવાદને કારણભૂત ગણાવવામાં આવી રહી છે. આ હુમલાની તપાસ કરી રહી છે અને તેને કારણે આ પ્રદેશમાં ભારે હોબાળો મચી ગયો છે. ખૈબર પખ્તુનખ્વાના લોઅર ડીર જિલ્લામાં નસીમના પૈતૃક ઘરના દરવાજા પાસે કોઈ અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. જોકે બોલરે મંગળવારે શ્રીલંકા સામેની પ્રથમ વનડે ક્રિકેટ મેચ માટેની ટીમ સાથે રહેવાનો નિર્ણય લીધો હતો. તેના નિવાસે થયેલા હુમલામાં કોઈ જાનહાનિ કે અન્ય નુકસાન થયું નથી.

લોઅર ડીરના જિલ્લા પોલીસ અધિકારી (ડીપીઓ) તૈમૂર ખાને જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં મિલકત વિવાદ અથવા પ્રાદેશિક દુશ્મનાવટને કારણે આ બનાવ બન્યો હોવાના સંકેત મળ્યા છે. ''આ વિસ્તારના એકંદર સુરક્ષા વાતાવરણનું પરિણામ હોઈ શકે છે.'' તેમ પોલીસ અધિકારી ખાને ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ નસીમના પિતા અને અન્ય સંબંધીઓને મળ્યા છે અને ઘટનાની તપાસ માટે એક ટીમ બનાવી છે અને ક્રિકેટરના નિવાસસ્થાને વધારાની સુરક્ષા પણ પૂરી પાડવામાં આવી છે. પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે હુમલાખોરોએ લોઅર ડીરમાં પરિવારના ઘરની બાજુમાં આવેલા હુજરા (મહેમાન સ્થળ) ના પ્રવેશદ્વાર પર ગોળીબાર કર્યો હતો.

# રોહિત શર્માની વિજય હજારે ટ્રોફીમાં રમવા સામે પ્રશ્ન

### રોહિત તરફથી કોઈ માહિતી મળી નથી

નવી દિલ્હી, તા.૧૩

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન રોહિત શર્મા સાત વર્ષ પછી વિજય હજારે ટ્રોફીમાં પાછા ફરવા સામે પ્રશ્ન ઉભા થયા છે. મળતી માહિતી અનુસાર, તેણે મુંબઈ ક્રિકેટ એસોસિએશનને તેના નિર્ણયની જાણ કરી દીધી છે. તે છેલ્લે ૨૦૧૮ માં ટુર્નામેન્ટમાં રમ્યા હતા. રોહિતે BCCI ના કડક નિર્દેશો બાદ આ નિર્ણય લીધો હતો.

જોકે, MCA ના એક અધિકારીએ જણાવ્યું છે કે, તેમને રોહિત તરફથી કોઈ માહિતી મળી નથી. તેથી, આ કંઈક અંશે



શંકાસ્પદ છે. બોર્ડે તાજેતરમાં જણાવ્યું હતું કે, જો વરિષ્ઠ ખેલાડીઓ ભવિષ્યની ODI અને ૨૦૨૭ વર્લ્ડ કપ માટે દાવેદારીમાં રહેવા માંગતા હોય તો તેમણે ડોમેસ્ટિક ક્રિકેટ રમવું જ જોઈએ.

માહિતી અનુસાર, ૩૮ વર્ષીય રોહિતે ૨૪ ડિસેમ્બરથી શરૂ થતી સીઝનમાં મુંબઈના અભિયાનમાં જોડાવા માટેની તૈયારી બતાવી છે. દરમિયાન, ભારત દક્ષિણ આફ્રિકા સામે હોમ ગ્રાઉન્ડ ODI શ્રેણી (૩-૯ ડિસેમ્બર) અને પછી ૧૧ જાન્યુઆરીથી ન્યુઝીલેન્ડ સામે રમવાનું છે.

આ દરમિયાન, વિરાટ કોહલીના ડોમેસ્ટિક ક્રિકેટમાં પાછા ફરવા અંગે હજુ સુધી કોઈ માહિતી નથી. મળતી વિગતો મુજબ, ૩૭ વર્ષીય વિરાટ કોહલી, જે હવે લંડનમાં રહે છે, તેણે દિલ્હી અને જિલ્લા ક્રિકેટ એસોસિએશન (DDCA) ને તેની યોજનાઓ વિશે જાણ કરી નથી.

# ICC WTC ના આગામી ચક્રમાં બધા પૂર્ણ સભ્ય દેશોને એક જ વિભાગમાં મૂકે તેવી શક્યતા છે.

### વન-ડે સુપર લીગ પણ શરૂ કરવામાં આવશે.

નવી દિલ્હી . આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) માં ફેરફાર કરવાનું વિચારી રહી છે. આ યોજના હેઠળ, WTC ના આગામી ચક્રમાં બધા ૧૨ પૂર્ણ સભ્ય દેશોને એક જ વિભાગમાં મૂકવામાં આવી શકે છે. અગાઉ, WTC એ બે-સ્તરીય સિસ્ટમનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ આ યોજનાને સમર્થન આપવામાં આવ્યું ન હતું. આ કારણે ICC એ આ નિર્ણય લીધો છે. ICC ફરીથી વન-ડે સુપર લીગ પણ રજૂ કરી શકે છે.

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર રોજર ટ્યુઝના નેતૃત્વ હેઠળના કાર્યકારી જૂથને ક્રિકેટના ત્રણેય ફોર્મેટ સાથે સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓને સંબોધવાનું કામ સોંપવામાં આવ્યું હતું. આ જૂથે ICC મીટિંગમાં બે-સ્તરીય સિસ્ટમ અને વન-ડે સુપર લીગ યોજના પર પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો, અને આગામી સિઝનમાં ૧૨ ટીમોનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નોંધનીય છે કે બે-સ્તરીય સિસ્ટમ પર એક દાયકાથી વધુ સમયથી ચર્ચા થઈ રહી છે. જુલાઈમાt ICC ની વાર્ષિક બેઠક દરમિયાન પણ આ અંગે ચર્ચા કરવામાં આવી હતી જ્યારે એક કાર્યકારી જૂથની રચના કરવામાં આવી હતી.

અગાઉ, નાના દેશોએ ICC ના દ્વિ-સ્તરીય મોડેલનો વિરોધ કર્યો હતો. આનું કારણ એ હતું કે વેસ્ટ ઈન્ડિઝ, શ્રીલંકા અને પાકિસ્તાનને ડિવિઝન ટુમાં મૂકી શકાય છે, જેનાથી મોટી ટીમો સામે રમવાની તેમની તકો ઓછી થઈ શકે છે. વધુમાં, વિશ્વ ક્રિકેટમાં ત્રણ મોટા દેશો - ભારત, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા - ને દ્વિ-સ્તરીય સિસ્ટમનો ફાયદો થશે, કારણ કે તેઓ એકબીજા સાથે વધુ મેચ રમશે. દ્વિ-સ્તરીય સિસ્ટમના વિરોધને કારણે, કાર્યકારી જૂથે હવે ૧૨-ટીમ ઉઝનો પ્રસ્તાવ મૂક્યો છે. તેનું ચક્ર જુલાઈ ૨૦૨૭ માં શરૂ થશે. અફઘાનિસ્તાન, ઝિમ્બાબ્વે અને આયર્લેન્ડનો પણ સમાવેશ થઈ શકે છે.

# શ્રીલંકા સામેની પ્રથમ વન-ડેમાં પાકિસ્તાનનો રોમાંચક વિજય

રાવલપિંડી, મેન ઓફ ધ મેચ સલમાન આગાની શાનદાર સદીની સહાયથી પાકિસ્તાને મંગળવારે રાત્રે રમાયેલી પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં પ્રવાસી શ્રીલંકા સામે છ રનથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો. આ સાથે પાકિસ્તાને ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. શ્રીલંકન ટીમ ત્રણ વન-ડેની સિરીઝ રમવા પાકિસ્તાન આવી છે. જેની બીજી મેચ ગુરુવારે રમાશે.

અહીંના રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ટોસ જીતીને શ્રીલંકાએ હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. પાકિસ્તાને ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૯૯ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં શ્રીલંકાની ટીમ પણ સારી લડત આપી હતી પરંતુ ૫૦ ઓવરને અંતે તે નવ વિકેટે ૨૯૩રનના સ્કોરે અટકી ગઈ હતી.

પાકિસ્તાનના ઓપનર સઈમ અયૂબની વિકેટ સસ્તામાં પડી ગઈ હતી પરંતુ ફખર ઝમાને મક્કમ બેટિંગ કરીને ૫૫ બોલમાં ૩૨ રન ફટકાર્યા હતા. બાબર આઝમે ૨૯ રનનું યોગદાન આપ્યું હતું તો મોહમ્મદ રિઝવાન માત્ર પાંચ રન કરી શક્યો હતો. જોકે આ તબક્કે સલમાન આગાએ આવીને શાનદાર બેટિંગ કરી હતી.

# એશિઝ પહેલા હેઝલવુડ અને એબોટની ઇજાઓએ ઓસ્ટ્રેલિયન ટીમની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે

### કેપ્ટન કમિન્સ પહેલાથી જ ટીમની બહાર છે.

**સિડની :** આ મહિને શરૂ થનારી ઈંગ્લેન્ડ સામેની એશિઝ શ્રેણી પહેલા ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમની મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે. ઈજાગ્રસ્ત ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની સંખ્યા સતત વધી રહી છે. વધુ એક ફાસ્ટ બોલર, જોશ હેઝલવુડ અને સીન એબોટ પણ ઈજાને કારણે બહાર થઈ ગયા છે. હેઝલવુડને શેફિલ્ડ શીલ્ડ મેચ દરમિયાન ઈજા થઈ હતી. કેપ્ટન અને ઝડપી બોલર પેટ કમિન્સ પહેલાથી જ ઈજાગ્રસ્ત છે અને ફિટનેસ પાછી મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે.સિડનીમાં ન્યૂ સાઉથ વેલ્સ અને વિક્ટોરિયા વચ્ચે શેફિલ્ડ શીલ્ડ મેચના ત્રીજા દિવસે લંચ પછી હેઝલવુડ અને સીન એબોટ મેદાન છોડીને ગયા હતા અને પાછા ફર્યા ન હતા. બંને બોલરોના અચાનક જવાથી ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમની ચિંતા વધી ગઈ છે. જ્યારે તેમની ઈજાઓની ગંભીરતા અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, ત્યારે આ એવા સમયે આવ્યું છે જ્યારે ટીમ પહેલેથી જ પસંદગીની મુશ્કેલીઓનો સામનો કરી રહી છે.હેઝલવુડ અને એબોટ બંને એશિઝ શ્રેણીની પ્રથમ ટેસ્ટ માટે ટીમના મુખ્ય બોલર છે. મેચમાં તેમની ગેરહાજરી ચિંતાનું કારણ છે, કારણ કે કમિન્સ પીઠની ઈજાને કારણે પહેલા એશિઝ ટેસ્ટમાંથી બહાર થઈ ગયા છે. બેટ્સમેન સ્ટીવ સ્મિથ કમિન્સની જગ્યાએ પ્રથમ ટેસ્ટમાં ટીમનું નેતૃત્વ કરશે.પ્રથમ એશિઝ ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાની ૧૫ સભ્યોની ટીમમાં ૩૦ વર્ષથી વધુ ઉંમરના ૧૪ ખેલાડીઓનો સમાવેશ થાય છે. તેમના સ્પિન આક્રમણનું નેતૃત્વ ૩૮ વર્ષીય નાથન લિયોન કરશે. ફાસ્ટ બોલરો મિશેલ સ્ટાર્ક ૩૫ વર્ષનો, હેઝલવુડ ૩૪ વર્ષનો અને સ્કોટ બોલેન્ડ ૩૬ વર્ષનો છે.



# અદાણી પોર્ટસ અને સેઝએ પ્રકૃતિક સંબંધિત પ્રતિબધ્ધતા માટે ટીએનએફડી ટાસ્કફોર્સ બનાવી

## અદાણી પોર્ટ્સ TNFD ફ્રેમવર્કને સ્વીકારનારી ભારતની પ્રથમ સંકલિત પરિવહન ઉપયોગીતા કંપની બની

સુરત, તા.૧૩

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન ઉપયોગીતા કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ) નેચર-રિલેટેડ ફાઈનાન્શિયલ ડિસ્ક્લોઝર (TNFD) એડોપ્ટર ટાસ્કફોર્સ બની છે, જે પ્રકૃતિ સંબંધિત અવલંબન,તેની અસરો, જોખમો અને અવસરો પર TNFD-સંરેખિત રિપોર્ટિંગ અમલી બનાવવા માટે પ્રતિબદ્ધ છે. અદાણી પોર્ટસ TNFD ફ્રેમવર્કને સ્વીકારનારી ભારતની પ્રથમ સંકલિત પરિવહન ઉપયોગીતા કંપની બનીને, પ્રકૃતિ સાથે સકારાત્મક અનુકૂળ માળખાકીય વિકાસ માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

TNFD એ એક વૈશ્વિક, વિજ્ઞાન-આધારિત પહેલ છે જેની સ્થાપના યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ ફાઈનાન્સ ઈનિશિયેટિવ (UNEP FI), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) અને ગ્લોબલ કેનોપી સહિતના ગઠબંધન દ્વારા કરવામાં આવી છે, જે કંપનીઓને પ્રકૃતિ-સંબંધિત જોખમો અને તકોને ઓળખવા, મૂલ્યાંકન અને સંચાલન કરી તેને જાહેર કરવા માર્ગદર્શન આપે છછે.અદાણી પોર્ટસ વિવિધતાને સમર્થન આપતા વૈશ્વિક બંદર ઓપરેટરોની એક પસંદપસંદગીની લીગમાં શામેલ થયું છે, જે વિજ્ઞાન-આધારિત પારદર્શક પર્યાવરણીય જાહેરાતો દ્વારા દરિયાઈ ઈકોસિસ્ટમનું રક્ષણ કરવાની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આ કદમ APSEZ ના પ્રકૃતિ-સકારાત્મક વ્યવસાયિક પ્રથાઓ પ્રત્યેના સમર્પણને વધુ શક્તિશાળી બનાવી તેને ટકાઉ દરિયાઈ લોજિસ્ટિક્સમાં આગવી હરોળમાં સ્થાન આપે છે. આ પ્રતિબદ્ધતાના ભાગ રૂપે, APSEZ નાણાકીય વર્ષ ૨૬ થી શરૂ થતા તેના કોર્પોરેટ રિપોર્ટિંગમાં TNFD ભલામણો સાથે સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે ડિસ્ક્લોઝર ધોરણોને વધુ વધારશે. આ પહેલ APSEZ ની વ્યાપક ESG વ્યૂહરચનાનો મુખ્ય ઘટક છે અને પ્રકૃતિ-સંબંધિત નિર્ભરતા, અસરો, જોખમો અને તકોનું મૂલ્યાંકન અને આનુસાંગિક કામકાજના સક્રિય અભિગમને પ્રતિબિંબિત કરે છે. APSEZ એ પહેલાથી જ વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત માળખા સાથે સુસંગત એવા આબોહવા જોખમ મૂલ્યાંકન અને ડિસ્ક્લોઝર પ્રથાઓને સંસ્થાકીય સંચાલનનો એક ભાગ બનાવીને પર્યાવરણીય દેખરેખમાં ધોરણો સ્થાપિત કરવાનું ચાલુ રાખ્યું છે, તેના પૂરાવારુપ ૪,૨૦૦ હેક્ટરથી વધુ મેન્ગ્રોવ્સનું વનીકરણ કર્યું છે અને વધારાના ૩,૦૦૦ હેક્ટરનું સક્રિય રીતે સંરક્ષણ કર્યું છે જેણે અદાણી પોર્ટસને ભારતમાં મેન્ગ્રોવ ઈકોસિસ્ટમના પુનઃસ્થાપનમાં ખાનગી ક્ષેત્રના સૌથી મોટા યોગદાતા તરીકે સ્થાપિત કરી છે. આ પ્રયાસો માત્ર જૈવવિવિધતામાં વધારો કરતા નથી પરંતુ આબોહવા-સંબંધિત જોખમો સામે કુદરતી બફર તરીકે પણ કાર્ય કરી ,કંપની માટે લાંબા ગાળાની વ્યવસાયિક સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરે છે. અદાણી પોર્ટસ અને સેઝના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સી.ઈ.ઓ.. અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે અમે દ્રઢપણે માનીએ છીએ કે જવાબદાર વ્યવસાયિક પ્રથાઓ લાંબા ગાળાની સફળતાને આગળ ધપાવે છે. TNFD ફ્રેમવર્કનો અમારો સ્વીકાર COP30 ખાતે પ્રકૃતિ-સંબંધિત કોર્પોરેટ રિપોર્ટિંગ માટે સમર્થન દર્શાવે છે. અમે પ્રકૃતિ-સંબંધિત મુદ્દાઓને વ્યૂહાત્મક જોખમ વ્યવસ્થાપનની પ્રાથમિકતા તરીકે નિહાળીએ છીએ. TNFD ફ્રેમવર્ક પ્રકૃતિને અમારી નિર્ણય લેવાની પ્રક્રિયાઓમાં એકીકૃત કરવા અને જૈવવિવિધતા સંરક્ષણમાં અમારા યોગદાનને વધારવા માટે મજબૂત સમર્થન પૂરું પાડે છે એમ વધુમાં આ જાહેરાત કરતા કહ્યું હતું.

# ૧૯૦ કરોડની ક્રેડિટ કેસમાં કંપનીના ડિરેક્ટરને ડિફોલ્ટ બેલનો લાભ મળ્યો

## બચાવ પક્ષે વકિલ નદીમ ચૌધરીની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

સીજીએસટી વિભાગે નિયત સમયે ચાર્જશીટ નહી કરતા ૧૯૦ કરોડની ક્રેડિટ ઉસેટનાર જક્ષ ડિજિટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડિરેક્ટર હાર્દિક ભટ્ટને સુરત ચીફ કોર્ટે ડિફોલ્ટ બેલનો લાભ આપ્યો હતો. બચાવ પક્ષે વકીલ નદીમ ચૌધરીએ દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે, અઠવાલાઈન્સ ખાતે આવેલી મેસર્સ જક્ષ ડિજિટલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સુરત, સીજીએસટી અને સેન્ટ્રલ એક્સાઈઝના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. આ કંપનીએ કુલ ૭ નોન એક્ઝીસ્ટન્ટ અને નોન ઓપરેટનલ બોગસ અને બનાવટી પેઢીઓમાંથી વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૫ દરમિયાન સરકાર પાસેથી ખોટી રીતે ૧૨૦૦ કરોડના બોગસ ઈન્વોઈસ બનાવી રૂ.૧૯૦ કરોડની ઈન્ટપુટ ટેક્સ ક્રેડિટ મેળવી હતી. જેથી જક્ષ ડિજિટલ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર હાર્દિક ભટ્ટની સીજીએસટી અને સેન્ટ્રલ એક્સાઈઝ દ્વારા ધી ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ-૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરાઈ હતી. આરોપી હાર્દિક સામે સીજીએસટી અને સેન્ટ્રલ એક્સાઈઝ સુરત વિભાગે ૬૦ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી ન હતી. જેથી આરોપી હાર્દિક ભટ્ટે વકીલ નદીમ ચૌધરી મારફતે ડિફોલ્ટ બેલ મેળવવા કોર્ટમાં અરજી કરી હતી.

# વાહકજન્ય રોગ નિયંત્રણ માટે સુરત મનપાએ ૬૦૫ બાંધકામોમાં સર્વે કર્યો

## ૫૦૩ જગ્યાએથી મચ્છરોના બ્રિડિંગ મળી આવતા ૫૩ બાંધકામોને નોટીસ અપાઈ

સુરત, તા.૧૩

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે બાંધકામોમાં ઝુંબેશનાં ભાગરૂપે નવેમ્બર માસ દરમ્યાન તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૧/૧૧/૨૦૨૫ દરમ્યાન ૬૦૫ બાંધકામો સર્વે કરતા કુલ ૫૦૩ મચ્છરના બ્રીડીંગ મળી આવેલ છે ૫૩ બાંધકામમાં નોટીસ આપવામાં આવેલ તથા ૧,૧૫,૬૦૦/-વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. અઠવા ઝોનમાં ૧૫૩ બાંધકામ સાઈટ ચેક કરતા ૨૫ બાંધકામ સાઈટને નોટીસ આપવામાં આવેલ તથા ન્યુસીટીલાઈટ રૂતુરાજ ૫૦૦૦/-, પીરામીટ બાંધકામ ૫૦૦૦/- સહિતના બાંધકામોમાં મળી કુલ ૧૦,૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ઉધના-એ ઝોનમાંથી ૬૮ બાંધકામ સાઈટ ચેક કરતા કુલ ૩ બાંધકામને નોટીસ આપવામાં આવેલ તથા ડાયમંડ બિઝનેશ પાર્ક ૫૦૦૦/-, સિધ્ધાર્થ ડોતિયા ૫૦૦૦/-, ખટોદરા ઈન્દ્ર ૩૦૦૦/-. રામેશ્વરમનગર ૩૦૦૦/- કુલ મળી ૨૧,૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ઈસ્ટ-એ ઝોન માંથી ૧૧૪ બાંધકામ ચેક કરતા ૧૦ બાંધકામ સાઈટને નોટીસ આપવામાં આવેલ તથા અનંતા વંદેમાતરમ ૩૦૦૦/-, મહેન્દ્રભાઈ ની વાડી ૨૫૦૦/-, ગાયત્રીનગર સોસા. ૨૫૦૦/-, નારાયણ નગર ૨૦૦૦/-, હિંમતનગર ૨૦૦૦/- કુલ મળી ૧૫,૯૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સા-ઈસ્ટ ઝોન માં ૫૧ બાંધકામ સાઈટ ચેક કરતા ૧ બાંધકામ સાઈટને નોટીસ આપવામાં આવેલ તથા જય નારાયણ ઈન્ડસ્ટ્રિઝ ૩૦૦૦/-, સરદાર નગર ૩૦૦૦/- કુલ મળી ૨૩,૨૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. નોર્થ ઝોન માંથી ૪૦ બાંધકામ સાઈટ ચેક કરતા ૫ બાંધકામ સાઈટને નોટીસ આપવામાં આવેલ તથા ઓડીટોરીયમ ૫૦૦૦/-, લાઈબ્રેરી ડભોલી ૫૦૦૦/-, વેદાંત વિભાગ-૩ ૩૦૦૦/-, કુલ મળી ૧૩,૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ઉધના-બી ઝોનમાં ૭૧ બાંધકામ સાઈટ ચેક કરતા ૮ બાંધકામ સાઈટને નોટીસ આવેલ તથા આશાપુરી સોસાયટી, શ્રી હરી રોહાઉસ-૨, ગ્લોરીનાવેલી ૬૫૦૦/-, કુલ મળી ૧૦,૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ઈસ્ટ-બી ઝોન માં ૩૧ બાંધકામ ચેક કરતા પ્રતિષ્ઠા હોમ્સ, વેદાંત સોલીટર ૭૫૦૦/-, સાઈ સમૃદ્ધિ વિલ્લા ૧૦૦૦/- કુલ મળી ૮૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.સેન્ટ્રલ ઝોન માંથી ૧૩ બાંધકામ સાઈટ ચેક કરતા બડી મસ્જીદ ૩૦૦૦/-, દુધારા શેરી ૨૦૦૦/- કુલ મળી ૭૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. રાંદેર ઝોનમાં ૬૪ બાંધકામ સાઈટ ચેક કરતા કુલ ૧ બાંધકામને નોટીસ આપવામાં આવેલ તથા શાંતિપ્રિયમ ૪૦૦૦/- વિજયાલક્ષ્મી ૨૦૦૦/- કુલ મળી ૬૦૦૦/-વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# વાંસદાની ખાંભલા પાસે ચેકડેમ કમ કોઝ-વે અંગે જાહેરનામું

નવસારી, તા.૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ નવસારીએ વાંસદા તાલુકાના પેટા વિભાગીય કચેરી, વાંસદા હસ્તકના ખાંભલા બિલમોડા રોડ ૧/૬૦ થી ૧/૮૦ ઉપર કાવેરી નદી પર આવેલ હયાત ડુબાઉ ચેકડેમ કોઝ-વેની જગ્યાએ હાઈ લેવલ મેજર બ્રીજ બનાવવાનું કામ બજેટ ઉચ્ચક જોગવાય યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ થી મંજુર થયેલ છે. આ કામની સમય મર્યાદા તા. ૦૧/૧૦/૨૦૨૪ થી શરૂ કરી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીની છે. તેમજ કાવેરી નદી પરનો હયાત ચેકડેમ કોઝ-વે નબળો છે. જેથી ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદના કારણે વખતોવખત ડૂબી જવાની શક્યતા હોય, ચોમાસા દરમિયાન કોઈ આકસ્મિક બનાવ ના બને તે હેતુથી ચોમાસા દરમ્યાન ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામ થી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોને ખાંભલા થી ઉગા જિ.ડાંગ થી વાનરચોંડ, ડોકપાતાળ, જામલાપાડા, બારખાંધ્યા થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) થી SH-૨૨ રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા ગામે આશરે કુલ ૧૫.૫૦ કિમી જેટલું અંતર કાપી જવા વૈકલ્પિક માર્ગ ઉપર રસ્તાને ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે અન્વયે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલ સતાની રૂએ, ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામ થી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનો માટે નવસારી જિલ્લાની હદમાં સમાવેશ થતાં વિસ્તારમાં આગામી તા.૧૨-૦૧-૨૦૨૬ સુધી બંધ કરી, વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવરજવર ડાયવર્ટ કરવા હુકમ કરવામાં આવ્યો છે. આ પ્રતિબંધ વૈકલ્પિક માર્ગ તરીકે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામ થી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરના વાહનોને વૈકલ્પિક માર્ગ તરીકે ખાંભલા થી ઉગા જિ.ડાંગ, વાનરચોંડ, ડોકપાતાળ, જામલાપાડા, બારખાંધ્યા થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજ્ય) થી SH-૨૨ રોડ (મહારાષ્ટ્ર રાજ્ય) થઈ બિલમોડા જતાં માર્ગો પૈકી નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં આવતાં માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે. આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

# કતારગામમાં વિવાદિત ટીપીમાં રિઝર્વેશન નહી હટાવતા લોકો ફરી આંદોલનના માર્ગે

## સ્થાનિક સ્વરાજની ચુંટણી પહેલા રિઝર્વેશન હટાવામાં નહિ આવે તો ચુંટણી બહિષ્કાર



સુરત, તા.૧૩

ટીપી સ્કીમ નંબર ૪૯,૫૦,૫૧ પીડિત પરિવાર સમિતિ આયોજીત નૂતન વર્ષ સ્નેહમિલન તેમજ આગામી સમયની રિઝર્વેશન ના આંદોલનની રણનીતી માટે કાર્યક્રમનું કતારગામ સ્થિત વુંદાવન સોસાયટીની વાડીમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ થી વધુ સોસાયટીના પ્રમુખો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં રિઝર્વેશન પિડિત લોકો જોડાયા હતા. કતારગામની આ ત્રણેય ટીપીસ્કીમ માં સોસાયટીની વાડી, મકાનો, ખુલ્લા પ્લોટો તેમજ રસ્તાઓ પર કોઈપણ સ્થળ તપાસ કર્યા વગર ઈરાદાપૂર્વક મનફાવે તે રીતે રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે જે આશરે કતારગામની ૭૦ હજાર થી વધુ સ્થાનિક લોકોને અસરકરતી આ સમસ્યા છે ત્યારે ગત સમયે તારીખ ૧૯-૯-૨૫ નારોજ મનપાની કચેરીમાં મોરચો લઈને મોટી સંખ્યામાં રજુઆત કરવા ગયા હતા ત્યારે રીઝર્વેશન હટાવી દેવાનું ફકત આશ્વાસન આપવામાં આવ્યું હતું તેનું આજદિન સુધી કોઈ અમલીકરણ કરવામાં નહી આવતા ફરીથી આંદોલનને સક્રિય બનાવવામાં આહવાન કરવામાં આવ્યું હતું.

ઉમેશ ઝડફિયાએ જણાવ્યું હતું કે, આશરે ૧૦ થી ૭૫ વર્ષ જુની મિલકતો પર રિઝર્વેશનો નાખવામાં આવ્યા છે સરકારી રેકોર્ડની તપાસ કરાવ્યા બાદ આ અસરગસ્તોએ મિલકતની ખરીદી કરી હતી ત્યારે કોઈ રિઝર્વેશન મિલકતમાં હતા નહિ જેથી સચોટપૂર્વક અને સરકારી કચેરી પર વિશ્વાસ રાખીને મિલકતની ખરીદી કરી હતી. પરંતુ રાતોરાત ખોટા રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી રિઝર્વેશન અંગે નેતાઓ તેમજ સરકારી કચેરીઓમાં લેખિત કે મૌખિત રજુઆત કરી રહ્યા છીએ પરંતુ તેનું કોઈ અમલીકરણ થતું નથી જેથી આ કાર્યક્રમમાં સર્વોનું મતે નિર્ણય કરવામાં આવ્યો હતો કે આગામી ટીપી ૪૯,૫૦ અને ૫૧ માં ઈરાદાપૂર્વક દાખલ કરેલા રીઝર્વેશનો હટાવવામાં નહિ આવે ત્યાં સુધી ફરીથી આંદોલન સક્રિય સાથે ચાલુ રહેશે. જેમાં સર્વાનુમતે આ નિર્ણયો લેવા આહવાન કરવામાં આવ્યા હતું.

### બ્લાસ્ટ કેસની

પહેલા પાનાનું ચાલુ

તેઓએ પ્રોફેશનલ તપાસ પણ કરી છે. તપાસ હજુ પણ ચાલુ છે. આ સ્પષ્ટપણે આતંકવાદી હુમલો હતો. ખતરનાક વિસ્ફોટકોથી ભરેલી એક કાર હતી, અને વિસ્ફોટમાં ઘણા લોકો માર્યા ગયા હતા.''

તેમણે ઉમેર્યું, "મને લાગે છે કે તેઓ તપાસમાં ખૂબ સારું કામ કરી રહ્યા છે, અને જ્યારે તેમની પાસે તથ્યો હશે, ત્યારે તેઓ તે રજૂ કરશે.'' યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટે કહ્યું કે તેમણે આ બાબતે તેમના ભારતીય સમકક્ષ એસ. જયશંકર સાથે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે તેઓએ સહાયની ઓફર કરી છે, પરંતુ ભારત પોતાની રીતે તપાસ હાથ ધરવા માટે સક્ષમ છે અને તેને કોઈ મદદની જરૂર નથી.

તેમણે કહ્યું, "અમે આ ઘટનાની ગંભીરતા સમજીએ છીએ અને અમે તેના વધારા વિશે વાત કરી છે. તપાસ શું દર્શાવે છે તે જોવા માટે અમે રાહ જોઈશું. અમે સહાયની ઓફર કરી હતી, પરંતુ તેમને તેની જરૂર નથી. તેઓ પહેલેથી જ સારું કામ કરી રહ્યા છે.''

### ગુપ્તચર

પહેલા પાનાનું ચાલુ

આશ્ચર્યજનક રીતે, આ વિસ્તારમાં ૨,૯૦૦ કિલોગ્રામથી વધુ વિસ્ફોટકો, બોમ્બ બનાવવાની સામગ્રી અને મોટી માત્રામાં શસ્ત્રો લાવવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોને આ વાતની જાણ નહોતી. પોલીસ પ્રવક્તા યશપાલ સિંહે જણાવ્યું હતું કે અમારી ટીમોએ જમ્મુ અને કાશ્મીર પોલીસ સાથે મળીને વિસ્ફોટકો અને શસ્ત્રો જપ્ત કર્યા છે. સંયુક્ત ટીમે કોઈપણ ગુનો આચરાય તે પહેલાં આરોપીઓની ધરપકડ કરીને આ કાર્યવાહી કરી હતી. અમારી ટીમો અન્ય તપાસ એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે.

'વ્હાઈટ-કોલર આતંકવાદી' મોડ્યુલ સાથે સંકળાયેલા આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ફરીદાબાદ મોડ્યુલના શંકાસ્પદ આતંકવાદી ડો. મુઝમ્મિલ ગનાઈએ અગાઉ લાલ કિલ્લા વિસ્તારની રેકી કરી હતી.

તેમના મોબાઈલ ફોન ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે તેમણે આ વર્ષે જાન્યુઆરીમાં ઘણી વખત લાલ કિલ્લા વિસ્તારની તપાસ કરી હતી. દરમિયાન, દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીમાં સતત લોકોની પૂછપરછ કરી રહ્યું છે. દિલ્હી પોલીસે અત્યાર સુધીમાં ૧૦ થી વધુ લોકોની પૂછપરછ કરી છે.

### પીડિતો માનસિક

પહેલા પાનાનું ચાલુ

કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે, માનસિક આઘાતમાંથી બહાર નીકળવું સરળ નથી. આ અકસ્માતમાંથી બહાર આવવામાં ઘણો સમય લાગશે. અધિકારીએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળે મૃતદેહો અને વિકૃત મૃતદેહો જોવાથી ઘાયલોને માનસિક આઘાત લાગ્યો છે. ક્યારેક, તેઓ સારવાર દરમિયાન અસ્વસ્થતા અનુભવે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, ઘાયલોના પરિચારકો માટે હોસ્પિટલમાં આશ્રય, ખોરાક અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી તેમને કોઈ મુશ્કેલી ન પડે. હોસ્પિટલ દર્દીઓને શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. દર્દીઓને જરૂરી તમામ સામગ્રી પણ પૂરી પાડવામાં આવી રહી છે.

લોકનાયક હોસ્પિટલમાં ફફૈ મુવમેન્ટને કારણે, સામાન્ય દર્દીઓ હાલમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. એમ્બ્યુલન્સમાં આવતા દર્દીઓને ગેટ ૪ દ્વારા પ્રવેશ આપવામાં આવી રહ્યો છે, જ્યારે અન્ય દર્દીઓને ગેટ ૨ અને ૫ દ્વારા પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. આનાથી દર્દીઓ અને તેમના પરિચારકોમાં રોષ ફેલાયો છે.

### બિહારમાં કોની સરકાર ?

પહેલા પાનાનું ચાલુ

હોવાથી ભુતકાળ સાચો ઠરે છે કે એક્ઝીટ પોલના તારણો તેના પર ઉત્તેજનાભરી નજર રાખવામાં આવી રહી છે.

મતદાનની જેમ મત ગણતરી અને પરિણામ વખતે પણ શાંતિપૂર્ણ માહોલ બની રહે તે માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી છે. રાજયના તમામ મત ગણતરી કેન્દ્રો પર સુરક્ષા સહિતની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને મત ગણતરી સ્ટાફને પણ તૈનાત કરી દેવામાં આવ્યો છે.

આવતીકાલે સવારે રાજકીય નેતાઓની હાજરીમાં મત ગણતરી કેન્દ્રોના સીલ ખોલવામાં આવશે અને ત્યારબાદ ગણતરી શરૂ કરાશે. બપોર સુધીમાં પરિણામનો સ્પષ્ટ ટ્રેન્ડ બહાર આવી જવાનું માનવામાં આવી રહ્યું છે.

બિહાર વિધાનસભાની ચૂંટણી ચાલુ વર્ષની આ અંતિમ મહત્વની ચૂંટણી હોવાથી તેને ઘણી મહત્વની ગણવામાં આવી રહી છે. આવતા વર્ષમાં યોજાનારી અન્ય રાજયોની ચૂંટણીનું પ્રતિબિંબ પડશે તેવી પણ રાજકીય અટકળો વ્યકત થઈ રહી છે.

### અમેરિકાના

પહેલા પાનાનું ચાલુ

હતું, પરંતુ ગૃહમાં આવું કોઈ વચન આપવામાં આવ્યું નથી. રિપબ્લિકન સાંસદ ડેવિડ શ્વેઈકર્ટે તેને એક ટીવી શો ગણાવ્યો જેવે સાચો મુદ્દો સમજાયો નથી.જ્યારે ડેમોક્રેટિક સાંસદ મિકી શેરિલે કહ્યું કે ગૃહ ટ્રમ્પ માટે રબર સ્ટેમ્પ ન બનવું જોઈએ, જે બાળકો પાસેથી ખોરાક અને સારવાર છીનવી રહ્યા છે, અને દેશને હાર ન માનવા અપીલ કરી.

### ચીન સરહદ

પહેલા પાનાનું ચાલુ

છે. સંરક્ષણ મંત્રાલય વ્યૂહાત્મક જરૂરિયાતોને પહોંચી વળવા માટે LAC નજીકના તમામ એરબેઝ પર માળખાગત સુવિધાઓ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જેમાં અદ્યતન લેન્ડિંગ ગ્રાઉન્ડનો સમાવેશ થાય છે.

ANI અનુસાર, વાયુસેનાએ ૨૯ ઓક્ટોબરથી ૧૧ નવેમ્બર દરમિયાન પશ્ચિમ સેક્ટરમાં "મહાગુરાજ-૨૫'' કવાયત હાથ ધરી હતી, જેમાં ઓપરેશનલ શ્રેષ્ઠતા અને સંયુક્ત તૈયારી દર્શાવવામાં આવી હતી.

આ કવાયતમાં હવા અને જમીનથી સમુદ્ર સુધીની કામગીરીમાં IAF ની કુશળતા દર્શાવવામાં આવી હતી. ઉપલબ્ધ તમામ માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરીને બહુ-સ્તરીય કામગીરી સુનિશ્ચિત કરવા માટે, IAF ફાઈટર એરક્રાફ્ટ હિરાસર (રાજકોટ) આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી સંચાલિત થયા હતા.

### એમપી

પહેલા પાનાનું ચાલુ

કે તેણે ઈન્ડિયા ગેટને ઢાંકી દીધો હતો.મધ્યપ્રદેશના ૧૩ જિલ્લાઓમાં ગુરુવારથી શરૂ થઈને ત્રણ દિવસ સુધી કોલ્ડવેવ રહેવાની ધારણા છે, જેમાં ભોપાલ અને ઈન્દોરનો સમાવેશ થાય છે. ભોપાલ વિભાગ અને માલવાની સાથે, રાજ્યના પૂર્વ ભાગમાં, જેમાં મંડલા, બાલાઘાટ અને રેવાનો સમાવેશ થાય છે, ત્યાં પણ ત્રણ દિવસ સુધી તીવ્ર ઠંડી પડી શકે છે. અનુપપુર અને બાલાઘાટમાં છેલ્લા બે દિવસથી કોલ્ડ-ડેની સ્થિતિ રહી છે. ભોપાલ રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન, પચમઢી કરતાં સતત પાંચ દિવસ ઠંડુ રહ્યું.

### પશ્ચિમ બંગાળમાં

પહેલા પાનાનું ચાલુ

નામો અંગે અસંખ્ય ફરિયાદો મળી છે. મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે મૃત નાગરિકો સંબંધિત ડેટા મતદાર યાદીમાંથી આવી એન્ટ્રીઓ શોધવા અને દૂર કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ બેંકો પાસેથી પણ માહિતી એકત્રિત કરી રહ્યા છે, કારણ કે મોટાભાગના ખાતા આધાર સાથે જોડાયેલા છે. અધિકારીએ જણાવ્યું હતું કે બેંકોએ એવા ખાતાઓનો ડેટા પ્રદાન કર્યો છે જેમણે વર્ષોથી KYC અપડેટ કરાવ્યું નથી. આનાથી મૃત વ્યક્તિઓને ઓળખવામાં મદદ મળશે જેમના નામ હજુ પણ મતદાર યાદીમાં છે.

### પૂર્ણા નદી

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવામાં આવ્યા છે.

(૧) સુરત તથા સચિન (SH-૬)થી નવસારી તરફ આવતા ભારે વાહનો

સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો મરોલી-વેસ્મા રોડ-ને.હા.નં.૪૮-ગ્રીડ થઈ શહેરમાં પ્રવેશ કરી શકશે.

સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો કસ્બાપાર ત્રણરસ્તા -આમરી-ધોળાપીપળા-ને.હા. નં-૪૮- ગ્રીડ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકશે. (૨) નવસારીથી સુરત તથા સચિન (SH-૬) તરફ જતાં ભારે વાહનો સુરત,સચીન, તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડને.હા.૪૮ વેસ્મા થી મરોલી રોડનો ઉપયોગ કરી સુરત તરફ જઈ શકશે. સુરત,સચીન તરફ જવા માટે- વિવેકાનંદ સર્કલ થી ગ્રીડને.હા.૪૮ -ધોળાપીપળા થી આમરી- કસ્બાપાર ત્રણ રસ્તા થઈ સુરત તર જઈ શકશે. આ જાહેરનામાનું આગામી તા.૧૩-૦૧-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ/ ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમન,૧૯૫૧ની કલમ-૧૬૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

### સરદાર પટેલની

પેજ-૨ પાનાનું ચાલુ

સંસ્થાઓ પણ જોડાશે. આ યાત્રાનો પ્રારંભ જે તે વિધાનસભા માં સરુઆત નાં સ્થળે સરદાર સભા નું આયોજન કરેલ છે તથા આ સભા પૂર્ણ થાય ત્યારે મોદી સાહેબ ના સપના ને સાકાર કરતુ આત્મનિર્ભર ભારત માટે ના સહુ પદયાત્રી ઓં ને સપથ લેવડાવવા મા આવશે.

યાત્રા ની સરુઆત જેતે વિધાનસભા મા સાધુ-સંતોના આશીર્વાદ થી કરવામાં આવશે. સુરત મહાનગર ખાતે આ યાત્રા દરમિયાન ૨૬.નવેમ્બર થી ૦૬.ડીસેમ્બર દરમિયાન દેશમા નીકળનાર રાષ્ટ્રીય પદયાત્રા મા જોડવવા નાગરિકો ને નિમંત્રણ આપવાનું છે. યાત્રા દરમિયાન દેશભક્તિ ના ગીતો વગાડવા મા આવશે. આ પ્રશંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે. મેયરશ્રી ડો.નરેન્દ્રભાઈપાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેનત્રિપાઠી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા અને મનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### ચેમ્બર ઓફ

પેજ-૨ પાનાનું ચાલુ

લગાવવામાં આવ્યા હતા, જેથી માર્ગ અકસ્માતોની સંભાવના ઘટે.

ચેમ્બર ઓફ કોમર્સ હંમેશા સામાજિક જવાબદારી હેઠળ વિવિધ જાહેર હિતના ઉપક્રમો હાથ ધરીને સુરતના નાગરિકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરતી રહી છે. જેના ભાગ રૂપે ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોની સાયકલો પર રેટ્રો રિફ્લેકટર લગાવવામાં આવ્યા હતા. આ અભિયાનમાં ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલા તથા સભ્યો જોડાયા હતા. આ અભિયાનમાં સ્થાનિક પોલીસનો પણ સહકાર મળ્યો હતો.

# અબ્રામા ગામમાં સ્વીગીનાં ડિલીવરી યુવાન પર હુમલો

## સરપંચ સહિત ચાર જણાંએ ખોટો વહેમ રાખી ફટકાર્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

સ્વીગીની ડિલીવરીનું કામ કરતા યુવાન ઉપર અબ્રામા ગામના સરપંચ સહિત ચાર જણાએ ખોટો વહેમ રાખી તેને માર માર્યો હોય આ અંગે મિત્રોને જાણ થતા ડિલીવરી બોયના બે મિત્રો અબ્રામા ગામ ખાતે ગયા હતા જયાં સરપંચ સહિતની ટોળકીએ લાકડીથી તેમને પણ માર મારી જાતિ વિષયક અપશબ્દો કહ્યા હતા. આ મામલે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં સરપંચ સહિત ચાર જણા સામે એટ્રોસિટીનો ગુનો નોંધાવાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉત્રાણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ અમરેલીના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા રોડ ખાતે મધુવન સોસાયટી પાસે ક્રિષ્ણા એપાર્ટમેન્ટમાં રહેતા કિશન ભગવાનભાઈ ગોહીલનો મિત્ર હસમુખ દેંગડા સ્વીગીમાં ડિલીવરી બોય તરીકે કામ કરે છે. ગઈકાલે હસમુખ દેંગડા ડિલીવરી માટે અબ્રામા ગામ ગયો હતો. જયાં ગામના લોકોએ તેને ગામમાં આવવા બાબતે શંકા રાખી ગાળો આપી માર મારોય હતો. દરમિયાન હસમુખે તેની સાથે કામ કરતા કિશોર અનો વિપુલને આ બાબતે જાણ કરતા તેઓ અબ્રામા ગામ ગયા હતા. દરમિયાન અબ્રામા ગામના સરપંચ સહિત ચાર જણાએ કિશન ગોહીલને જાતિ વિષયક ગાળો આપી લાકડીના સપાટા માર્યા હતા.

### સાયણ સુગર

પેજ-૨ પાનાનું ચાલુ

પાક લીધો હશે તો દંડમાંથી મુક્તિ આપવાનો નિર્યણ પહેલે થી જ કરેલ છે.જેથી આ નિર્યણ ચાલુ સિઝનમાં પણ અમલિત હોવાથી નુકસાનનો ભોગ બનનાર સભાસદો એ જરાપણ ચિંતા કરવાની જરૂર નથી.આ પ્રસંગે સુગરમાં પિલાણના શુભઆરંભ સમયે પ્રથમ શેરડી ભરેલી ટ્રકના ડ્રાઈવરોને ચેરમેન તરફથી રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.જયારે આ ખુશીમાં તેઓએ ટ્રાન્સપોર્ટ વિભાગ પાસે ફટાકડાની આતશબાજી કરી આનંદ મનાવ્યો હતો.આ શુભ અવસરેસંસાના ડિરેકટરો,સુગરના અધિકારી અને કર્મચારીઓ,ઝોન સમિતિના પ્રમુખની ટીમ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતાં.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

ગુરુવાર, તા.૧૩ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

સરકારી યોજનાનો ગેરલાભ ઉઠાવવા કાર્ડિયાક પ્રોસીઝરમાં ગેરરીતિ આચરતી વધુ એક હોસ્પિટલ ઝડપાઈ

## પી.એમ.જે.એ.વાય. યોજના અંતર્ગત જામનગરની JCC હાર્ટ ઇન્સ્ટીટ્યુટે ૫૩ કાર્ડિયાક સર્જરી કરી નાંખી

### JCC હાર્ટ ઇન્સ્ટીટ્યુટને રૂ. ૬ લાખથી વધુનો દંડ અને ડો.પાર્શ્વ વ્હોરાને સસ્પેન્ડ કરાયાઃ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં આરોગ્ય વિભાગ દ્વારા સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનાની માર્ગદર્શિકાનું પાલન થતું ન હોવાથી અને ગેરરીતિ આચરતી હોવાથી આ યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. આ હોસ્પિટલને કુલ ૧૦૫ કાર્ડિયાક પ્રોસીઝરમાં ગેરરીતિ બદલ રૂ. ૬ લાખથી વધુનો દંડ પણ કરવામાં આવ્યો છે.

આ અંગે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આરોગ્ય સેવાઓને વધુ સુચારૂ, પારદર્શક અને લોકહિતકારી બનાવવા સતત પ્રયત્નશીલ છે.



પી.એમ.જે.એ.વાય.-મા યોજના એ ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે, તેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહીં આવે. આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ કહ્યું હતું કે, જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટના ડો.પાર્શ્વ વ્હોરા (G-૨૮૫૩૮) દ્વારા કાર્ડિયોલોજી અને કાર્ડિઓવાસ્ક્યુલર થોરાસિક સર્જરીમાં કરવામાં આવતી ક્ષતિના કારણે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ હોસ્પિટલ દ્વારા સ્તનછરૂના બે કેસમાં લેબોરેટરી રિપોર્ટમાં અને ૧ કેસમાં ઈક્રય રિપોર્ટમાં છેડછાડ કરી લાભાર્થીઓને કાર્ડિયાક પ્રોસીજરની જરૂરિયાત હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યકક્ષાએથી આ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલા ૨૬૨ કેસની વધુ તપાસ કરાવતા ૫૩ કેસમાં વિસંગતતા જોવા મળી હતી. જેમાં જરૂર ના હોય તેવા કેસમાં પણ કાર્ડિયાક પ્રોસીજર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

વધુમાં, આરોગ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આકસ્મિક નિરીક્ષણ દરમિયાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં રાજ્યની બે ખાનગી હોસ્પિટલોને દંડ કરીને તાકીદ કરવામાં આવી હતી. આ હોસ્પિટલો પૈકી પાલનપુરની સદભાવના હોસ્પિટલમાં એમ્પેનલ્ડ ડોક્ટર સિવાય ના ડોક્ટર દ્વારા સર્જરી કરવામાં આવતા અને જૂનાગઢની સમન્વય હોસ્પિટલને નિયત કરેલ પેકેજ કરતાં વધુ રૂપિયાની લાલચે અન્ય પેકેજ બુક કરવા બદલ રૂ. ૫૦-૫૦ હજારનો દંડ કરવામાં આવેલ છે.

વધુમાં, આરોગ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આકસ્મિક નિરીક્ષણ દરમિયાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં રાજ્યની બે ખાનગી હોસ્પિટલોને દંડ કરીને તાકીદ કરવામાં આવી હતી. આ હોસ્પિટલો પૈકી પાલનપુરની સદભાવના હોસ્પિટલમાં એમ્પેનલ્ડ ડોક્ટર સિવાય ના ડોક્ટર દ્વારા સર્જરી કરવામાં આવતા અને જૂનાગઢની સમન્વય હોસ્પિટલને નિયત કરેલ પેકેજ કરતાં વધુ રૂપિયાની લાલચે અન્ય પેકેજ બુક કરવા બદલ રૂ. ૫૦-૫૦ હજારનો દંડ કરવામાં આવેલ છે.



શિયાળાનું ઋતુ જામતા ગ્રાહકોની કાગડોળે રાહ જોઈ રહેલા તિબેટિયેન માર્કેટમાં આજે ગરમ વસ્ત્રો ખરીદવા લોકો ઉમટી પડયા હતા. (તસ્વીરઃ હનીફ મલેક)

## સુરતમાં ઠંડીના ચમકારા યથાવત લઘુત્તમ તાપમાનમાં વધ-ઘટ નોંધાઈ

### ચાર દિવસમાં ૧૬ ડીગ્રીથી ૧૮ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

વિતેલા ચાર દિવસમાં સવારના સમયે નોંધાતા લઘુત્તમ તાપમાનનો પારો ૨-૨ ડિગ્રી વધઘટ થઈ રહ્યો છે દરમિયાન આજે સવારે પણ સુરત શહેરનું લઘુત્તમ તાપમાન ૨ ડિગ્રી વધ્યું હતું. ગઈકાલે ૧૬.૬ ડિગ્રી તાપમાન હતુ જે આજે સવારે ૧૮.૪ ડિગ્રી નોંધાયું હતું.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારે શહેરનું લઘુત્તમ તાપમાન ૧૮.૪ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા રહ્યું હતું. સાંજના સમયે ઉત્તર દિશાના પવનો ફુંકાતા ઠંડીની અસર જોવા મળી રહી છે. ત્યારે લઘુત્તમ તાપમાનના પારામાં ચાર દિવસમાં ૨-૨ ડિગ્રીની વધઘટ નોંધાઈ છે. જોકે મોડી રાત્રિથી વહેલી સવારે ઠંડીની અસર યથાવત રહી છે.

### ડી-માર્ટમાં ભેજાબાજ યુવકની કરામત

## કોન્ડમ સહિતની વસ્તુ પર ઓછી કિંમતના સ્ટીકર લગાવી દીધા

### ભેસ્તાનના કુલદીપ સિંહ ચૌધરી સામે ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

સચીન નવસારી રોડ ઉપર આવેલા ડી માર્ટમાં પહોંચેલા એક ભેજાબાજે કોન્ડમ, હેર ઓઈલ સહિત અલગ-અલગ વસ્તુઓની ખરીદી કરી ત્રણ પ્રોડક્ટ પર લાગેલી એમઆરપી કરતા ઓછી કિંમતના સ્ટીકર લગાડી ૧૨૯૫ રૂપીયાની ડિ માર્ટ સાથે છેતરપિંડી કરી હતી. કેસ કાઉન્ટર પર વસ્તુઓ બતાવી સ્કેન કરાવી ડી માર્ટને છેતરી જનાર ઠગ સામે સચીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

સચીન પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ભેસ્તાન સિધ્ધિવિનાયક રેસીડેન્સીમાં રહેતા કુલદીપસિંહ હંજારામ ચૌધરી ઉ.વ.૩૨ ગઈકાલે બપોરના સમયે સચીન ડી-માર્ટમાં ખરીદી માટે ગયો હતો. કુલદીપરાજસિંહે ડિમાર્ટમાંથી અલગ-અલગ પ્રોડક્ટ ખરીદી કરી હતી. જેમાં ડ્યુરેક્સના કોન્ડમ તેમજ હેર ઓઈલ અને પરફ્યુમની એમઆરપીની જગ્યાએ ઓછી કિંમતના સ્ટીકર લગાડી જે ત્રણ વસ્તુની કિંમત રૂ.૧૪૩૦ થતી હતી તે નહીં ચુકવી કેશ કાઉન્ટર પર ત્રણેય પ્રોડક્ટનું ઓછુ પેમેન્ટ કરી રૂ.૧૨૯૫ની છેતરપિંડી કરી હતી.

## સુરત હાઈએલર્ટ : હિસ્ટ્રી શીટરો પર એઆઈ કેમેરાથી નજર રાખવા સુરત પોલીસ સજ્જ

### ટેક્નોલોજી અને મેન્યુઅલ ઈન્ટેલિજન્સનો વ્યાપક ઉપયોગ કરાશે : પોલીસ કમિ. અનુપમ સિંહ ગેહલોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

રાજધાની દિલ્હીમાં તાજેતરમાં બનેલી કાર બ્લાસ્ટની ઘટનાના પગલે સુરત શહેર પોલીસ હાઈ એલર્ટ મોડ પર આવી ગઈ છે. શહેરના સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે સુરત પોલીસે ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સનો સંકલિત ઉપયોગ શરૂ કર્યો છે, જેમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત કેમેરા નેટવર્કનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. AI કેમેરાથી તમામ ગતિવિધિઓનું ઓટોમેટિક નિરીક્ષણ કરાઈ રહ્યું છે.

સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના માર્ગદર્શન હેઠળ સુરત પોલીસ દ્વારા શહેરભરમાં ફેલાયેલા ૧૬૦૦ જેટલા CCTV કેમેરાના વિશાળ નેટવર્ક મારફતે તમામ ગતિવિધિઓ પર સતત અને ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ નેટવર્ક દ્વારા શહેરના જાહેર સ્થળો, મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં થતી નાનીમાં નાની શંકાસ્પદ હિલચાલને પણ ઝડપી લેવામાં આવે છે.શહેરના ૧૧૦૦ જેટલા હિસ્ટ્રી શીટરોનો ડેટા અપલોડ કરવામાં આવ્યો છે. આ ડેટાના આધારે, AI કેમેરા આ હિસ્ટ્રી શીટરોની શહેરના વિવિધ વિસ્તારોમાં થતી ગતિવિધિઓનું ઓટોમેટિક નિરીક્ષણ કરી શકે છે. સુરતનું હજીરાનું ઔદ્યોગિક ક્ષેત્ર ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ છે. આ વિસ્તારમાં પણ સુરક્ષાની દ્રષ્ટિએ વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, હજીરાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર સહિત તમામ જગ્યાઓ પર AI બેઝ્ડ કેમેરા દ્વારા સતત નિરીક્ષણ રાખવામાં આવી રહ્યું છે. વધુમાં, ઔદ્યોગિક એકમોના ખાનગી કેમેરા નેટવર્કની મદદ પણ લેવામાં આવી રહી છે, જેથી આ વિસ્તારની સુરક્ષામાં કોઈ કચાસ ન રહે.



## ભોળવીને કિશોરીને કારમાં લઈ જઈ છેડતી કરતા બે યુવકો

### વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

ગોડાદરામાં ગઈકાલે રાત્રિના સમયે એક ૧૭ વર્ષિય સગીરાને ક્રેટા કારમાં લઈ જઈ બે યુવાનોએ તેની છેડતી કરી તેમજ વિડીયો ઉતારી તે વાયરલ કરવાની ધમકી આપી હતી. આ મામલે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ભોગબનનારે ફરીયાદ નોંધાવી હતી. ગોડાદરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ગોડાદરા ક્રિષ્ણા પાર્ક સોસાયટીમાં રહેતા જશવંતસિંહ રાઠોડ અને ભરતસિંહ રાઠોડે ગઈકાલે ૧૭ વર્ષિય સગીરાને તારો ભાઈ તને બોલાવે છે તેમ કહી ક્રેટા કારમાં સાથે લઈ ગયા હતા. કારમાં સગીરાને ગોડાદરાની એક ખાડીવાળા રસ્તા પર લઈ જઈ આરોપી ભરતસિંહે મોબાઈલમાં વિડીયો રેકોર્ડીંગ ચાલુ કર્યુ હતુ અને જો તારો ભાઈ તને જોઈ રહ્યો છે. આને તેના ભાઈનો પણ ડર નથી હવે તો હું આની સાથે ફીઝીકલ સંબંધ રાખી તેનો વિડીયો બનાવી બધાને બતાવીશ તેમ કહી સગીરા સાથે અડપલા કર્યા હતા.

સગીરા રડવા લાગતા જશવંતસિંહ અને ભરતસિંહે તેને કારમાંથી રાત્રિના સમયે અવાવરૂ જગ્યાએ ઉતારી દઈ જો આ બાબતે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. સગીરાએ પરિવારજનોને જાણ કરતા આ અંગે ગઈકાલે રાત્રે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં છેડતીનો ગુનો નોંધાવાયો હતો.

## RFO સોનલ સોલંકી ફાયરિંગ કેસમાં પકડાયેલા પતિ સહિત બે જણાને આજે કોર્ટમાં રજૂ કરાશે

### તપાસ અધિકારી દ્વારા આરોપીઓના રિમાન્ડ મેળવવાની તજવીજ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

કામરેજ ખાતે ફોરેસ્ટ અધિકારી સોનલ સોલંકી ઉપર પતિ એવા આરટીઓ ઈન્સ્પેક્ટર નિકુંજ ગૌસ્વામીએ તેના મળતીયા ઈશ્વર ગૌસ્વામી મારફતે જ ફાયરિંગ કરાવ્યાનો પોલીસની તપાસમાં ઘટસ્ફોટ થયા બાદ ગઈ કાલે પતિ નિકુંજ તેના મળતીયા સાથે જીપીએસ લગાવવાના ગુનામાં કોર્ટમાં સરેન્ડર કરવા અરજી કરતા કોર્ટે નકારી કાઢી હતી. ત્યારબાદ પોલીસે નિકુંજ અને ઈશ્વરની ધરપકડ કરી લીધી હતી. આજે બપોર બાદ બંને આરોપીને સુરતની સ્પેશ્યલ કોર્ટમાં રિમાન્ડના મુદ્દા સાથે રજૂ કરવામાં આવશે તેવું સુરત ગ્રામ્ય પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું.

સુરત ફોરેસ્ટ વિભાગમાં નોકરી કરતા આરએફઓ ઓફિસર સોનલ અરવિંદ સોલંકી ગત.તા.૬ નવેમ્બરના રોજ સવારના સમયે પુત્ર શિવાંસને સ્કૂલે મૂકવા માટે ફોરવ્હીલમાં જવા નિકળ્યા હતા. ત્યારે ગામની થોડા જ દૂર વાવ ગામની સીમમાં જોખાથી વાવ તરફ જતા રોડ ઉપર પહોંચ્યા ત્યારે ઈશ્વર ગૌસ્વામી બાઈક હંકારતો હંકારતો ચાલુ ગાડીમાં પિસ્ટલથી ફાયરીંગ કર્યું હતું તેવું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. જેમાં સોનલ સોલંકીને ગળાના ભાગેથી ગોળી વાગીને પસાર થઈ હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સોનલબેનને સુરતની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યાં હાલ તેમની સ્થિતી ક્રીટીકલ હોવાનું ડોક્ટરો કહી રહ્યા છે. દરમિયાન પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતુ કે સોનલ સોલંકી ઉપર તેના પતિ એવા આરટીઓ ઈન્સ્પેક્ટર નિકુંજ ગૌસ્વામીએ જ ફાયરિંગ કરાવ્યું હતું.

નિકુંજના કહેવાથી ઈશ્વરે આ ફાયરિંગ કર્યું હતું. પોલીસની તપાસમાં આ તમામ માહિતી સામે આવી હતી. દરમિયાન કામરેજ પોલીસે નિકુંજ અને ઈશ્વર સામે એટ્રોસીટી એક્ટ, આર્મ્સ એક્ટ અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં નાસતા ફરતા નિકુંજ અને ઈશ્વર સામેથી કઠોર કોર્ટમાં સરેન્ડર અરજી કરી હાજર થઈ ગયા હતા. જોકે, કોર્ટે સરેન્ડર અરજી રદ કરી દીધી હતી. બાદ કામરેજ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. આજે બપોર બાદ આ બંને આરોપીઓને રિમાન્ડ માટે સુરતની સ્પેશ્યલ એટ્રોસીટી કોર્ટમાં રજૂ કરશે તેવું જાણવા મળશે.

## કિશોરીને પ્રેમજળમાં ફસાવી યુવકે બળાત્કાર ગુજારાયો

### પ્રેમી યુવક સામે બળાત્કારનો ગુનો દર્જ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

પુણા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષિય તરૂણીને પ્રેમ જાળમાં ફસાવી ૨૨ વર્ષિય યુવાને બળાત્કાર ગુજાર્યો હતો. તરૂણી જયારે ઘરે એકલી હોય ત્યારે તેનો સંપર્ક કરીને પહોંચી જતા યુવાને ડિસેમ્બર ૨૦૨૪થી તરૂણી સાથે શરીર સંબંધ બાંધતો હોય આ સમગ્ર બાબત પરિવારજનોને ધ્યાને આવતા ગઈકાલે પુણા પોલીસ સ્ટેશનમાં વરાછાના ૨૨ વર્ષિય યશ જશુભાઈ ચાવડા સામે બળાત્કારનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

પુણા પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર મુળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના દાતરડી ગામના વતની અને હાલ વરાછા બુટ ભવાની સોસાયટી પાસે આવેલા સત્યમ શિવમ સુંદરમ એપાર્ટમેન્ટમાં રહેતા યશ જશુભાઈ ચાવડા સામે બળાત્કારની ફરીયાદ નોંધાઈ છે. ફરીયાદમાં જણાવ્યા અનુસાર સને ૨૦૨૪ના ડિસેમ્બર મહિનાથી વિતેલા દિવસોમાં યશ ચાવડાએ પુણા વિસ્તારની એક તરૂણીને પ્રેમ જાળમાં ફસાવી તરૂણી જયારે ઘરે એકલી હોય તે સમયે ઘરે પહોંચી જઈ તેની બાલિશ અવસ્થાનો ગેરલાભ લઈ અવાર-નવાર બળાત્કાર ગુજાર્યો હતો. બનાવની જાણ પરિવારજનોને થતા આ મામલો ગઈકાલે પોલીસ મથકે પહોંચ્યો હતો.

## પોશ વિસ્તારના ઉદ્યોગપતિએ જમાઈને દિકરો માની ઉદાર બન્યાં, દિકરીની મિલ્કતનો સદ્ઉપયોગ થશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

ઉદ્યોગપતિ પિતાએ પરણીત દીકરીના અવસાન બાદ તેણીના નામની મિલકતો, શેર સર્ટી અને કલબોની મેમ્બરશીપ પોતાના નામે કરાવવા કરેલી પ્રોબેટ અરજી સંદર્ભે સુરત જિલ્લા ન્યાયાલયના મિડીયેશન સેન્ટરમાં ચાલેલી બેઠકમાં સસરા અને જમાઈ વચ્ચેનો આ સંપત્તિનો વિવાદમાં સુખદ સમાધાન આવ્યું હતું. સસરાએ કહ્યું કે જમાઈ મારો જ દિકરો છે વૈભવી ફલેટ, કલબોની મેમ્બરશીપ તેમજ લોકરમા મૂકેલા દર—દાગીના જમાઈને આપી દઈ ઉદારતા દર્શાવી હતી. સુરત શહેરના પોશ વિસ્તારમાં રહેતા સુખી સંપન્ન અને ધનીક પરિવારના મોભીએ તેમની લાડકવાયી બે દીકરી પૈકી મોટી દીકરીના લગ્ન સમાજના એક યુવક સાથે કરાવ્યા હતા. ઉદ્યોગપતિ પિતાએ બાળપણથી જ બંને દીકરીના નામે અસંખ્ય મિલકતો, જુદી-જુદી કંપનીના શેર અને શહેરની જાણીતી પ્રીમિયમ કલબોમાં મેમ્બરશીપ પણ કરી આપી હતી. ઉદ્યોગપતિ પિતાએ મોટી દીકરીના લગ્ન સમયે તેણીને સોના,ચાંદી, હિરા ઝવેરાત સહિત ઘર વખરીનો તમામ સરસામાન આપી દીકરીના કન્યાદાનમાં કોઈ કમી થવા દીધી ન્હોતી. તદુપરાંત જમાઈ બિઝનેશ માટે પોતાનો એક મોટો સ્ટ્રક્ચર ઉભો કરી શકે તે માટે ખૂબ જ મોટી રકમની લોન સ્વરૂપે સહાય પણ પૂરી પાડી હતી, એટલું જ નહી તાપી તટે એક આલીશાન અને ખુબ જ કિંમતી ફલેટ પણ રહેવા માટે આપ્યો હતો, જમાઈ અને દીકરી ખૂબ જ એકબીજા સાથે જીવન વીતાવી રહ્યા હતા, તે દરમ્યાન કોરોનાકાળ વખતે સને–૨૦૨૦મા દીકરીનુ અવસાન થઈ જતા પરિવાર ઉપર દુઃખનો આભ તૂટી પડ્યો હતો. દરમિયાન થોડા દીવસો બાદ ઉદ્યોગપતિ પિતાએ અને અન્ય નાની દિકરી સાથે કોર્ટમાથી મોટી દીકરીના નામની મિલકતો, શેરસર્ટી અને કલબોની મેમ્બરશીપ પોતાના નામે કરાવવા માટે વકીલ મનોજ ટી. પટેલ મારફતે પ્રોબેટ અરજી કરી હતી. જેમા જમાઈ તરફે વકીલ કમલેશ પટેલ હાજર થયા હતા. આ કેસને મિડીયેશન સેન્ટરમાં મુકવામાં આવ્યો હતો જેમાં મિડીયેટર તરીકે આઈપી જોબનપુત્રા સમાધાન માટે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

**મિડીયેશન સેન્ટરમાં સસરા-જમાઈની ભાવુક મુલાકાતમાં દિકરીની મિલ્કત અંગે સુખદ સમાધાન**

## ચેક રિટર્ન કેસમાં અભિષેક અગ્રવાતને એક વર્ષની સજા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

આ કેસની વિગત અનુસાર મોટા વરાછા સુદામા ચોક પાસે અભિષેક રેસીડેન્સી-૨માં રહેતા કેતન મગનભાઈ વઘાસીયા મોબાઈલ રીપેરીંગના કામકાજ સાથે સંકળાયેલા છે. સને ૨૦૧૯ના સમયગાળા દરમિયાન કેતન વઘાસીયાનો પરિચય મહુવા બાપ્સ સ્વામીનારાયણ ટેમ્પલ રો પ્રમુખ સોસાયટીમાં રહેતા તેમજ મહાકાલી શોપીંગ સેન્ટર મહુવા ખાતે એનાલોગ રિચાર્જ એન્ડ પેમેન્ટ સર્વિસ પ્રા.લીના નામે મોબાઈલ રિચાર્જનું કામ કરતા અભિષેક નરેન્દ્રભાઈ અગ્રવાત સાથે થયો હતો. અભિષેક અગ્રવાત અને તેનો ભાઈ સંકેત મહુવા તેમજ સુરત ખાતે કેતન વઘાસીયાને મળતા હતા અને તેમની વચ્ચે ધંધાકીય વ્યવહારો પણ થતા રહેતા હતા. મિત્રતા બંધાયા બાદ સને ૨૦૨૩ના સમયગાળામાં અભિષેકને રૂ.૫ લાખની જરૂરીયાત ઉભી થતા તેણે અભિષેક પાસેથી ૫ લાખ એક મહિનામાં પરત કરી દેવાની શરતે હાથ ઉછીના લીધા હતા, મહિના બાદ કેતન વઘાસીયાને ચેક આપવામાં આવ્યો હતો. જોકે આ ચેક રિટર્ન થતા કેતન વઘાસીયાએ એડવોકેટ યોગેશ કે.જોગાંણી મારફતે કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે એડવોકેટ યોગેશ જોગાણીની દલીલો તેમજ કેસ સંબંધીત પુરાવા માન્ય રાખી આરોપી અભિષેક અગ્રવાતને ૧ વર્ષની સજા અને ૬૦ દિવસમાં રિટર્ન થયેલા ચેકની તારીખથી ૯ ટકા વ્યાજ સહિત વળતર ચુકવી દેવા હુકમ કર્યો હતો.




બીઆરટીએસ બસ માટે બનાવેલા બસ સ્ટેન્ડ પાર્કિંગના અડ્ડા બની ગયા છે. વાહનો પાર્કિંગના કારણે બસો સ્ટેન્ડ પાસે ઊભી રાખવા મુશ્કેલી થાય છે. (તસ્વીરઃ હનીફ મલેક)